### ગારીયાધાર એસ.ટી. ડેપો દ્વારા ચલાવાતી

# ગારીયાધાર–સુરત વાયા દામનગર એક્સપ્રેસની બાંધેલ સ્પીડ ઓછી...મુસાફરોમાં રોષ..!

### સ્પીડ વધારવાની માંગ ઉભી થઈ



દામનગર, તા. ૧૪

ગારીયાધાર ડેપોમાં ચાર્જમાં ચિત્રાથી આવતા યુનિયનના હોદ્દેદારો, એકસપ્રેસ બસની ગતી મર્યાદા (સ્પીડ બાંધવી..) બાંધી દેતા હોય છે.. જે કેટલું યોગ્ય ગણાય..!!? આ જ ડેપોની ગારીયાધાર–જાફરાબાદ, ગારીયાધાર–જામજોધપુર, ગારીયાધાર– સોમનાથ, ગારીયાધાર– મણિનગર, ગારીયાધાર–ધાનપુર (વડોદરા) બસની સ્પીડ પ્રતિ કલાક ૯૦ થી ૯૫ બાંધેલી છે, અને ગારીયાધાર–સુરત (૪૫૦ થી વધુ કી.મી.થાય..)વાયા દામનગર–ઢસા – ગઢડા, બોટાદ, સાળંગપુર, બરવાળા, ધંધુકા એકસપ્રેસ બસની સ્પીડ માત્ર ૭૦ ની બાંધેલી છે તેનાથી ઓછી એટલે કે ૬૫ થી વધુ ચાલતી નથી. ગારીયાધારથી સુરતનું ભાડું રૂા. ૩૪૧/– (રૂા. ત્રણસો એકતાલીશ–(૨૨૨ સીટ) છે,૧૧ કલાકમાં પહોંચાડવાની હોય તેને બદલે અને સ્પીડ ઓછી બાંધેલી હોય ૧૧ ને બદલે ૧૩ કલાક જેટલો સમય લાગતો હોય મુસાફરો કંટાળી જાય છે. રોજ સવારે આ રૂટની સુરતથી અને ગારીયાધારથી સવારમાં ઉપાડવામાં આવે છે. ભાવનગર વિભાગીય નિયામક ગારીયાધાર–સુરત વાયા દામનગર રૂટની બસની સ્પીડ ૯૦ થી ૯૫ ની કરાવી આપે જેથી મુસાફરો નક્કી કરેલ સમયે પહોંચી શકે એવી લાગણી સાથે માંગ ઉઠી છે.

### અમરેલી જિલ્લાનાં કોંગી આગેવાનોએ માંગ કરી

# નવી દિલ્હી ખાતે સંસદભવનમાં ઘુસી જનાર શખ્સો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરો

### જિલ્લા કલેકટર મારફત રાષ્ટ્રપતિને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું



અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લા કોંગ્રેસનાં આગેવાનોએ જિલ્લા કલેકટર મારફત રાષ્ટ્રપતીને આવેદનપત્ર પાઠવીને નવી દિલ્હી ખાતે સંસદભવનમાં ઘુસી જનાર શખ્સો અને તેને પાસ મેળવવામાં મદદ કરનાર તમામ સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ કરેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, જે સાંસદનાં ભલામણપત્રનાં આધારે યુવાનો સંસદભવનમાં પ્રવેશ કરી ગયા તે સાંસદને પણ સસ્પેન્ડ કરવાની માંગ કરવામાં આવી હતી.


આ તકે નરેશભાઈ અધ્યારૂ, મનિષભાઈ ભંડેરી, સંસદપ પંડયા, ટીકુભાઈ વરૂ, રફીકભાઈ મોગલ, ભરતભાઈ હપાણી, નારણભાઈ મકવાણા, માલાભાઈ બથવાર, બાબુભાઈ કુકવાયા, રાજુભાઈ સોલંકી, ડાયાલાલ મહેતા, સુખાભાઈ કવાડ, જયરાજભાઈ જળુ, અરવિંદભાઈ ગોંડલિયા ઉપસ્થિત રહ્યા હતા.

### રાષ્ટ્રીય ધોરી માર્ગ કે રાષ્ટ્રીય ખાડા માર્ગ, કરોડોનો ટોલ ટેકસ પણ કમર ભાંગી નાખે તેવા હાઈ–વે

# ગુજરાતના નેશનલ હાઈ–વે પર છેલ્લા પાંચ વર્ષમાં કુલ રૂપિયા ૧૪,૦૦૦ કરોડથી વધારે ટેકસની વસુલાત

### દર વર્ષે કરોડોનો ખર્ચ છતા પરિસ્થિતિ નથી બદલાતી, નેશનલ હાઈ–વે ઓથોરિટીની ઉંઘ કયારે ઉડશે ?





પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૧૪

ગુજરાતમાંથી પસાર થતા રાષ્ટ્રીય ધોરમાર્ગના ૪૯ ટોલબુથ પરથી વાહનચાલકો પાસેથી ૪૫૨૦ કરોડ જેટલો વાર્ષિક તગડો ટોલટેકસ વસુલતી નેશનલ હાઈ–વે ઓથોરિટી વાહન ચાલકોની સુરક્ષાને લઈ બેદરકાર છે. રાષ્ટ્રીય ધોરી માર્ગ કે રાષ્ટ્રીય ખાડા માર્ગ, કરોડોનો ટોલ ટેકસ પણ કમર ભાંગી નાખે તેવા હાઈ–વે ત્યારે કેન્દ્રની ભાજપ સરકારની ઉંઘ કયારે ઉડશે ? તેવો પ્રશ્ન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો.મનિષ દોશીએ જણાવ્યું હતું કે, નેશનલ હાઈ–વે ઓર્થોરીટીનાં ગુજરાતમાં ૬૬૩૫ કિ.મી.ના જુદા જુદા ૩૮ રાષ્ટ્રીય ધોરી માર્ગ પર ૪૯ ટોલ બુથ આવે છે. તાજેતરમાં ગુજરાતના તમામ ૪૯ ટોલ ટેકસના બુથ પર ભાવ વધારા જીંકવામાં આવ્યો છે. અમદાવાદ–વડોદરા એકસપ્રેસ હાઈ–વે પર ટોલ ટેકસમાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો થયો છે. ગુજરાતના નેશનલ હાઈ–વે પર છેલ્લા પાંચ વર્ષમાં કુલ રૂપિયા ૧૪,૦૦૦ કરોડથી વધારે ટેકસની વસુલાત કરાય છે. છેલ્લા પાંચ વર્ષમાં દેશની ટોલ ટેકસની આવકમાં ૬૦ ટકાનો વધારો થયો છે. વર્ષ ૨૦૨૧–૨૨ માં ભારત દેશને નેશનલ હાઈ–વે પર કુલ રૂપિયા–૩૪,૭૪૨ કરોડની વસુલાત થઈ છે. સમગ્ર દેશમાં રાષ્ટ્રીય ધોરી માર્ગમાંથી પસાર થતા વાહનચાલકો પાસેથી વર્ષ ૨૦૨૨–૨૩ માં ટોલટેક્ષથી ૪૮૦૨૮૨૨ કરોડ જેટલી માતબર રકમ વસુલાઈ છે.જેમાંથી પચાસ ટકા ટોલટેક્ષ તો માત્ર ઉતર પ્રદેશ રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત અને તાલીમનાડુના નેશનલ હાઈ–વે ટોલટેક્ષ પેટે વસુલાત કરાઈ છે.

સ્થાનિક વાહન ચાલકો પરેશાન થઈ રહયા છે. કારણ કે નેશનલ હાઈ–વે પર મોટા પ્રમાણમાં ગાબડા વાહન ચાલકો માટે અકસ્માતનાં ખાડા બની ગયા છે. પરિસ્થિતિ એ છે કે આ ખાડાને લીધે ઓવરટેક કરનાર વાહન ચાલક અકસ્માતને નોતરે છે. ત્યારે બેદરકાર નેશનલ હાઈ–વે ઓથોરિટી પ્રત્યે વાહન ચાલકોનો ભારે રોષ છે અને માર્ગ દુરસ્ત કરવાની વાહન ચાલકો અને સ્થાનિકોની માંગ છે. લાખો રૂપિયાનો ટોલટેકસ આ માર્ગો પર ઉઘરાવાય છે. પરંતુ માર્ગ પર ઠેક ઠેકાણે ખાડા પડી ગયા છે. અવાર–નવાર અકસ્માતો સર્જાય છે. ત્યારે દર વર્ષે આ ખાડા અને માર્ગ રીનોવેશન નામે લાખો રૂપિયા વપરાય છે. અને આ હાઈ–વે પર ગુણવતા વિહીન કામ થવાથી હજારો વાહન ચાલકોની મુશ્કેલીમાં મુકાય છે. અને જીવલેણ અકસ્માતમાં માનવજીંદગી પણ હોમાઈ રહી છે. દર વર્ષે કરોડોનો ખર્ચ છતા પરિસ્થિતિ નથી બદલાતી, નેશનલ હાઈ–વે ઓથોરિટીની ઉંઘ કયારે ઉડશે ?

### ૪ વ્યકિતઓએ એક યુવકને ધમકાવ્યો

# સાવરકુંડલા–રંઘોળા માર્ગનું કામ કરવું હોય તો રૂપિયા ૨૫ લાખની ખંડણી માંગી

### સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧૪

શિહોર તાલુકાના ખારી ગામે રહેતા અને કંટ્રકૂશનમાં નોકરી કરતાં સુરેશભાઈ રામાભાઈ ડાંગર નામના ૩૨ વર્ષિય યુવક ગત તા.૧૩/૧૨ ના સાંજે ૪ વાગ્યા આસપાસ લીલીયા તાલુકાના સનાળીયા ગામે કંટ્રકશન કંપનીનુ સાવરકુંડલાથી રંઘોળા સુધીનું રોડનું કામ શરૂ હોય અને યુવક આ રોડની સાઈડ ઉપર સનાળીયા ગામે હાજર હોય તે દરમ્યાન અમરેલી ગામે રહેતા છત્રપાલસિંહ વાળા, અમરેલી તાલુકાના લાલાવદર ગામે રહેતા જગુભાઈ વાળા, લીલીયા ગામે રહેતા સલીમભાઈ બેલીમ તથા એક અજાણ્યો ઈસમ મળી ૪ આરોપીઓ પોતાનો સમાન ઈરાદો પાર પાડવાના ઈરાદે પોતાના હવાલાવાળી કાળા કલરની ફોરવ્હીલ કાર નં.જીજે–૦૩– એચ.આર.–૨૭ વાળી લઈ આવી યુવકને આ રોડનુ કામ બંધ કરવા ધમકી આપી અને જો આ કામ કરવુ હોય તો રૂપિયા ૨૫,૦૦,૦૦૦ આપવા પડશે તેમ કહી ખંડણી માંગી યુવકને બિભસ્ત શબ્દોમા ગાળો આપી, પૈસા નહી આપે તો સ્કોર્પીઓ ગાડી માથે ચડાવી અને ફાઈરીંગ કરી જાનથી મારી નાખવાની તેમજ વાહનો સળગાવી દેવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

### નવનીતભાઈ સોજીત્રાની વાડીએ બનાવ બન્યો

# ધારીનાં ગોવિંદપુર ખાતે કુવામાં ધુબાકા મારતા યુવકનું ડૂબી જવાથી કમકમાટીભર્યુ મોત

### ઈલેકટ્રીક મોટરની લાઈનમાં પગ ફસાઈ જવાથી બનાવ બન્યો

અમરેલી, તા. ૧૪

ધારી તાલુકાના ગોવિંદપુર ગામે રહેતા અને મુળ મધ્યપ્રદેશના વતની ગુલસીંહ જુગાડીયાભાઈ નરગાવે, તથા રીતેશ તથા લોકેશ તથા લલ્લુભાઈ તથા ભાઈદાસભાઈ વિગેરે ગત તા.૧૩/૧૨ ના રોજ બપોરના આશરે સાડા બારેક વાગ્યે ગોવિંદપુર ગામે આવેલ નવનીતભાઈ સોજીત્રાની વાડીએ આવેલ કુવામાં ન્હાતા હતા તે દરમ્યાન ગુલસીંહ જુગાડીયાભાઈ નરગાવેનો દિકરો રીતેશ કુવાની પાળ ઉપરથી કુવાના પાણીમાં ધુબાકા મારતો હોય ત્યારે કુવાની અંદર રહેલ ઈલેકટ્રીક મોટરની લાઈન તથા કેબલની અંદર રીતેશ (ઉ.વ.૧૮) ફસાઈ જતા કુવાના પાણીમાં આ રીતેશભાઈ ગુલસીંહ નરગાવેનું ડુબી જતા મોત થયાનું ધારી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

# અમરેલી જિલ્લા વિદ્યાસભા પરિવાર દ્વારા ડો. જસાણીને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી



અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લા વિદ્યાસભાના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે ઉમદા સેવા પ્રદાન કરનાર ડો.જયસુખભાઈ જસાણી સાહેબનાં નિધનના સમાચારથી વિદ્યાસભા શાળ ા અને કોલેજોમાં ઉંડા આઘાતની વેદના પ્રસરી ગઈ. અમરેલી વિદ્યાસભાની પ્રાંગરતી પ્રતિભાનાં પાયાનાં પત્થર સમા સ્વ.ડો.જસાણી સાહેબે ગાંધી વિચારધારા સાથે ડો.જીવરાજકાકા અને રતિભાઈ અદાણીનાં આદશોને ચરિતાર્થ કરી વિદ્યાસભાને એક અદકેરી ઉંચાઈ અર્પવા સંન્નિષ્ઠ એવમ નિષ્ઠાવાન સેવાઓ પ્રદાન કરી સૌના માટે પ્રેરણાદાયી બન્યા હતા. જે જિલ્લા અને વિદ્યાસભામાં અવિસ્મરણીય બની રહેશે. વિદ્યાસભા સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે સદગતના આત્માને શાશ્વત શાંતિ માટે બે મિનિટ મૌન પાળી શાળાઓ અને કોલેજો દ્વારા સ્વ.ડો.જસાણી સાહેબને શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં આવેલ હતા.

તેમની આ શ્રધ્ધાંજલિમાં મંત્રી મનસુખભાઈ ધાનાણી, ટ્રસ્ટી ડાયાભાઈ ગજેરા, ગોવિંદભાઈ ગોંડલીયા, એમ.કે.સાવલીયા તેમજ કોલેજ અને સ્કુલ વિભાગનાં પિન્સીપાલઓ, સુપરવાઈઝરઓ, ટીચીંગ અને નોન – ટીચીંગ સ્ટાફ અને અન્ય સંસ્થાઓના હોદેદારો આ પ્રાર્થનાસભામાં ઉપસ્થિત રહયા હતા.

સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરાએ શ્રધ્ધાંજલિ પ્રદાન કરતા જણાવ્યું હતું કે ડો.જસાણી સાહેબનાં શબ્દોને સાકાર કરવા અને વિદ્યાસભા સંસ્થાને શૈક્ષણિક અનેરી ઉંચાઈએ લઈ જવા માટે આપ સર્વે ઉપસ્થિત રહયા એ જ ડો.જસાણી સાહેબને સાચી શ્રધ્ધાંજલિ સમજુ છું. તેમનાં આદશોને વરીને આવતા વર્ષોમાં વિદ્યાસભા સંસ્થા શૈક્ષણિક રીતે વધુ ઉંચાઈઓ પ્રાપ્ત કરે એવા આશીર્વાદ મળતા રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

# બાબરા પોલીસ સ્ટેશનની અમરાપરા શાળાનાં વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા પોલીસ સ્ટેશના પી.આઈ. સી.એચ.કુગસિયાદ્વારા સુરક્ષા સેતુ અંર્તગત અમરાપરા બ્રાન્ચ શાળા તેમજ અમરાપરા બ્રાન્ચ શાળા–ર ના બાળકોને ટ્રાફિક અંગેની તાલીમ, કરિયર કાઉન્સેલિંગ, તેમજ પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવવામાં આવી તેમજ સાયબર ક્રાઈમ જાગૃતિ વિષે માહિતી આપી હળવો નાસ્તો કરાવેલ. કાર્યક્રમનું સંચાલન મહેન્દ્રભાઈ ભટ્ટ અને બાબભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સરકારની વિવિધ યોજનાઓનો લાભ જનજન સુધી પહોંચ્યો

# અમરેલી જિલ્લાનાં વિવિધ ગામડાઓમાં ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા'' ને બહોળો પ્રતિસાદ

**જુદા-જુદા ૧૮ ગામનાં નાગરિકોને વિવિધ યોજનાકીય લાભોથી માહિતગાર કરવામાં આવ્યા**

**મહિલાઓ સહિત જિલ્લાની ૨૪ વ્યકિત વિશેષનું સન્માન કરવામાં આવ્યું**

**આરોગ્ય કેમ્પમાં ૨૩૫૭ વ્યકિતઓનાં આરોગ્યની તપાસણી કરવામાં આવી**

**સ્થળ પર જ ૧૩૯ આયુષ્યમાન કાર્ડનું પણ વિતરણ કરવામાં આવ્યું**






અમરેલી, તા. ૧૪

વર્ષ-૨૦૪૭ સુધીમાં આઝાદીના સતાપ્દી પર્વે વિકસિત ભારત બનાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી સમગ્ર દેશ સહિત રાજયમાં યોજાઈ રહેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ જિલ્લાના ૧૮ ગામડાઓના ૪,૬૦૪ નાગરિકોએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી યોજનાકીય વિગતો અને માહિતી મેળવી હતી.

'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજઆરોગ્ય કેમ્પમાં ૨,૩૫૭ નાગરિકોએ આરોગ્ય ચકાસણી, ૧,૬૫૮ નાગરિકોએ ટીબીના ટેસ્ટ કરાવ્યા હતા. 'મારૂં ભારત' અંતર્ગત ૧૩૪ સ્વયંસેવકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. પ્રધાનમંત્રી ઉજજવલા યોજના માટે ૨૯ લાભાર્થીનું રજીસ્ટ્રેશન થયું હતું. આ સાથે ૨૪ મહિલાઓ સહિત વિશેષ વ્યકિતઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.


'મેરી કહાની મેરી ઝુબાની' ના ૬૪ લાભાર્થીઓ હતા. ઉપરાંત વિવિધ ગામનાં લોકોએ વિકસિત ભારતના સંકલ્પ લીધા હતા. જમીન આરોગ્ય ચકાસણી નિદર્શનનો ૫૮ લાભાર્થીઓએ લાભ મેળવ્યો હતો. પ્રાકૃતિક કૃષિ બાબતે ૪૧ ખેડૂતોનો વાર્તાલાપ યોજાયો હતો. ઉપરાંત ૩૨૬ લાભાર્થીઓએ આયુષમાન કાર્ડ માટેની પ્રક્રિયા કરી હતી અને ૧૩૯ આયુષમાન કાર્ડનું સ્થળ પર જ વિતરણ કરવામાં આવ્યું હતું.

'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના પૂર્વ નિર્ધારિત રૂટ મુજબ ' વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ધારી તાલુકાઓના ગામડાઓમાં તા. ૨૪ નવેમ્બરથી તા. ૨૯ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે. જયારે સાવરકુંડલા તાલુકામાં તા. ૨૪ નવેમ્બર, ૨૦૨૩થી તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધી પરિભ્રમણ કરશે. કુંકાવાવ તાલુકામાં તા. ૨૪ નવેમ્બરથી તા. ૧૬ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે. રાજુલા તાલુકામાં આ યાત્રા તા. ૨૪ નવેમ્બરથી તા. ૨૮ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે. બાબરા તાલુકામાં તા. ૨૪ નવેમ્બરથી તા. ૨૨ ડિસેમ્બર સુધી પરિભ્રમણ કરશે. મહત્વનું છે કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન સરકારની કલ્યાણકારી યોજનાઓ જેવી કે, આયુષ્યમાન ભારત યોજના, પ્રધાન મંત્રી આવાસ યોજના, ઉજજવલા યોજના, પ્રધાનમંત્રી વિકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, પોષણ અભિયાન, હર ઘર જલ-જલ જીવન મિશન, દીનદયાલ અંત્યોદય યોજના, જીવન જયોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, નેનો ફર્ટિલાઈઝર યોજના સ્વામિત્વ યોજના, જનધન યોજના, પ્રધાન મંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના, પ્રાકૃતિક કૃષિ અને રાસાયણિક ખાતરોનો વપરાશ ઓછો કરવા સહિતની ૧૭ યોજનાઓને આવરી લેવામાં આવી છે. આમ વિકસિત ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવા જન કલ્યાણકારી યોજનાઓ આ યાત્રા દ્વારા છેવાડાના પ્રત્યેક માનવી સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

**અમરેલીનાં કલેકટર મારફત પ્રધાનમંત્રીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું**

# કેન્દ્ર સરકાર ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ તાત્કાલિક હટાવીને ખેડૂતોને આર્થિક નુકસાનથી બચાવે

**આમ આદમી પાર્ટી દ્વારા ખેડૂતોનાં હિતમાં રજૂઆત કરાઈ**




અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટીનાં સંયોજક નિકુંજ સાવલિયાની આગેવાનીમાં કાર્યકર્તાઓએ કલેકટર મારફત પ્રધાનમંત્રીને આવેદનપત્ર પાઠવીને ડુંગળીની નિકાસબંધી તાત્કાલિક હટાવી લેવાની માંગ કરેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, કેન્દ્ર સરકાર ધ્વારા તાત્કાલિક અસરથી ડુંગળી વિદેશ એકસ્પોર્ટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે જે ખેડૂતોને હળહળતો અન્યાય છે. કારણ કે હાલ જે ડુંગળી વેચાણ માટે માર્કેટમાં આવી રહી છે તે વધુમાં વધુ એકસપોર્ટ કરવી જોઈએ.

વધુમાં જણાવેલ છે કે, ડિસેમ્બરથી એપ્રિલ મહિના સુધી જે ડુંગળી માર્કેટમાં આવે છે તે મહત્તમ ખેડૂતના ખેતરોમાં પાકી હોય તે આવે છે. જે ડુંગળી ૧૫ થી ૨૦ દિવસ કરતા વધારે સંગ્રહ કરી શકાતી નથી અને ખેડૂત કરી શકતો પણ નથી. એટલે ખેડૂતના હિતમાં ભાવ મળે એટલા માટે સીધી એકસપોર્ટ થાય તો જ ભાવ મળે. ગયા વર્ષે જે ખેડૂતોને નુકસાની થયેલ છે તેના સામે આ વર્ષે જે ભાવ ૨૫ થી ૩૫ રૂપિયા પર કિલો છે તે વ્યાજબી છે જેમાં ખેડૂતોને ખર્ચ સુજી શકે છે. જો આ વર્ષે પણ ખેડૂતોને પોતાના પોષણક્ષમ ભાવ ના મળ્યા તો ગયા વર્ષની જેમ આ વર્ષે પણ ખેડૂતોને નુકસાની છે. તેથી એકસપોર્ટ પર પ્રતિબંધ તે ગેરવ્યાજબી છે. હાલમાં થયેલ માવઠા અને કમોસમી વરસાદને લીધે ઉત્પાદનમાં પણ ખેડૂતોને માર પડે છે તો તેની પડતર કિંમતમાં પણ ખર્ચ વધ્યો છે. જેથી તેને એકસપોર્ટ પરનો પ્રતિબંધ હટાવવો જોઈએ. જો સરકાર જાણતી હોય તો આ વર્ષે ડુંગળીનું ઉત્પાદન પાછળના વર્ષ કરતા ઓછું આવી શકે તેમ છે. જેને ધ્યાનમાં લઈને સરકારે ટેકાના ભાવે ખરીદી કરવી જોઈએ અથવા એકસપોર્ટની મંજૂરી આપવી જોઈએ. જો સરકાર એકસપોર્ટ ના કરી શકે તેમ હોય તો સરકાર ખેડૂતોને મળતો એકસપોર્ટના ભાવ ભરી ખેડૂત પાસેથી ડુંગળીની ખરીદી કરે અને ખેડૂતોને આર્થિક મારથી રાહત આપે.

વધુમાં જણાવેલ છે કે, કપાસમાં છેલ્લા ઘણા સમયથી ભાવ વધારો થયો નથી જેને લીધે ખેડૂતોને કંઈ બચત કે વળતર મળતું નથી જેને ધ્યાનમાં લઈને કપાસ માટે એમએસપી નકકી કરી ખેડૂતોને પોસાય તે ભાવમાં ખરીદી કરવામાં આવે જે ૨૦૦૦ કરતાં વધારે ભાવ હોય તો જ ખેડૂતોને પોસાય તેમ છે.

ખાતર અને બિયારણની કિંમતો જે આમાને પહોંચાડી છે તેને રાહતદરે લાવી ખેડૂતોને ખાતર, બિયારણ રાહતદરે આપવું જોઈએ.

અન્ય પાકોનું જે વાવેતર થાય તેનું સરકાર ધ્વારા તે પાકો એમએસપી ભાવે ખરીદી કરવાની કામગીરી કરવી જોઈએ. જેવી અન્ય રાજયમાં થઈ રહી છે તેમ અંતમાં જણાવેલ છે.


આપના પાલતુ ઘોડાને ભુખ તથા પાચન સંબંધી લક્ષણો માટે તેમજ ઘોડામાં થતો પેટતોડાનાં રોગ માટે
૧૦૦% અસરકારક આયુર્વેદિક દવા મળશે
તેમજ વછેરા-વછેરીનાં વિકાસ માટે અસરકારક પાવડર મળશે
સંપર્ક કરો
શ્રી રાકેશભાઈ ખત્રી
મો. ૮૫૩૦૪ ૭૯૦૨૨ - અમરેલી

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

"શ્રી વલ્લભ" Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA RACING
fascino 125 Fi
(ફયુલ ઈન્જેકશન)
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઇક
BS-6 લોન્ચ
ભારતમાં પ્રથમવાર એકજ સ્કૂટરમાં સાત સેન્સર ધરાવતું સ્કૂટર
એડવાન્સ ટેકનોલોજી અને સ્ટાન્ડર્ડ કવોલિટી સાથે
30 POWER 16 MILEAGE
BS-VI COMPLIANT
» બધા જ કલરમાં ઉપલબ્ધ
» ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
પ્લોટ નં. ૧, સફારી પાર્ક, અતુલ મોટર્સ સામે, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

ટેકનીશ્યન જોઈએ છે
નેટર્વકીગના જાણકાર તથા CCTV તેમજ કોમ્પ્યુટર ના જાણકાર
પ્રિસીસન ટેલીકોમ
દુ.નં.B-6, રોનક ટ્રાન્સપોર્ટની બાજુમાં, ડીવાઈન એમ.આર. આઈ. સેન્ટર ની સામે, કોમા સ્ટોર ની પાછળ, જુના માર્કેટિંગ યાર્ડની અંદર, અમરેલી-૩૬૫૬૦૧ મો.૯૮૨૫૧ ૭૬૧૬૩

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
Honda Shield 3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

એકદમ ક્રિસ્પી ખાજલી
મોહનથાળ ગુલાબ જાંબુ ટોપરાપાક લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઇ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

Hero
Go BIG Go XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે : ૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

લસણના ભાવ આસમાને જતાં ખેડૂતો ખુશખુશાલ

# લસણના ભાવમાં ભડકો થતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

## લસણના ભાવ પ્રતિ કિલો ૩૦૦ રૂપિયા : કમોસમી વરસાદ તેમજ ખરાબ હવામાનના કારણે ટમેટા, ડુંગળી, આદુ બાદ હવે લસણના ભાવમાં વધારો

અમદાવાદ, તા.૧૪

ખેડૂતો માટે ક્યાંક સારા તો ક્યાંક ખરાબ સમાચાર છે. ડુંગળીના ભાવ તળિયા જતા ડુંગળી પકવતા ખેડૂતોનો રોવાનો વારો આવ્યો છે તો બીજી બાજુ લસણના ભાવ આસમાને જતાં ખેડૂતો ખુશખુશાલ છે.

એક તરફ ખેડૂતોને ડુંગળીની હરાજીમાં પ્રતિ ૨૦ કિલો ૨૫૦ રૂપિયા પણ નથી મળતા. ત્યાં બજારમાં સુકા લસણના ભાવ પ્રતિ કિલો ૩૦૦ રૂપિયાએ પહોંચ્યા છે. છેલ્લા ઘણા સમયથી વાતાવરણમાં પરિવર્તન જોવા મળ્યું છે. જેના કારણે શાકભાજીના ભાવને અસર થઈ રહી છે.

કમોસમી વરસાદ તેમજ ખરાબ હવામાનના કારણે ટમેટા, ડુંગળી, આદુ બાદ હવે લસણના ભાવમાં પણ વધારો થયો છે. ખરાબ હવામાનના કારણે લસણના પાકને નુકસાન થયું હોવાની તેના ઉત્પાદન પર અસર પડી છે અને આવકમાં ઘટાડો થયો છે. જેને કારણે લસણના ભાવમાં તેજી આવી છે. જેના કારણે લસણ ૨૫૦ થી ૩૦૦ રૂપિયા કિલો વેચાઈ રહ્યું છે.

લસણા ભાવમાં ધરખમ વધારો થતાં ગૃહિણીઓનું બજેટ પણ ખોરવાયું છે. જોકે આવનારા દિવસોમાં લસણની આવક શરૂ થતા તેના ભાવ ઘટાડો થવાની શક્યતા છે.

નાસિક અને પુણે જેવા મુખ્ય લસણ ઉત્પાદક રાજ્યોમાં ખરાબ હવામાનને કારણે પાકને થયેલા નુકસાનને કારણે મહારાષ્ટ્ર સહિત અન્ય રાજ્યોમાં તેનો પુરવઠો ઓછો થયો છે. આ ઉપરાંત અન્ય સ્થળોએ પણ પુરવઠાને અસર થઈ છે. વેપારીઓ હવે તેને અન્ય રાજ્યોમાંથી આયાત કરી રહ્યા છે અને તેના માટે વધુ લોજિસ્ટિક્સ ખર્ચ અને અન્ય ચાર્જ ચૂકવે છે. લસણના ભાવ વધવા પાછળ આ મહત્વના કારણો છે. વેપારીઓના મતે નવો પાક બજારમાં મોડો આવી શકે છે અને તે આવે ત્યાં સુધી ભાવમાં વધારો થઈ શકે છે.

નોંધનીય છે કે છેલ્લા કેટલાક મહિનામાં ટામેટાંના ભાવ ૩૦૦ રૂપિયા પ્રતિ કિલોના સ્તરને સ્પર્શી ગયા હતા અને ત્યારબાદ રોજબરોજના ખાવામાં વપરાતી ડુંગળીના ભાવ પણ રોકેટની ઝડપે વધીને ૮૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયા હતા. રાજધાની દિલ્હી સહિત અન્ય શહેરોમાં કિલોએ પહોંચી ગયો છે.

પ્રથમ, બહારના રાજ્યોમાંથી ટામેટાંની આયાત કરીને અને દિલ્હી સહિત અન્ય સ્થળોએ સસ્તા ભાવે વેચીને ટામેટાના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો હતો, જ્યારે ડુંગળીના ભાવને નિયંત્રિત કરવા માટે, સરકારે આવતા વર્ષના માર્ચ સુધી તેની નિકાસ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો હતો.

કેન્દ્રીય શિક્ષણ તથા કૌશલ્ય વિકાસમંત્રીની સ્પષ્ટતા

# ઈતિહાસના પુસ્તકોમાંથી મુઘલોના ચેપ્ટર હટાવાનો ઈરાદો નથી : પ્રધાન

## આપણો ઈતિહાસ માત્ર મુઘલો સાથે જ જોડાયેલો નથી પરંતુ તેમાં એવા અનેક તથ્યો છે જેનાથી આપણે અજાણ છીએઃ ધર્મેન્દ્ર પ્રધાન

નવી દિલ્હી, તા.૧૪

કેન્દ્રીય શિક્ષણ તથા કૌશલ્ય વિકાસમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને જ્યારે સવાલ કરાયો કે શું ઈતિહાસના પુસ્તકોમાંથી મુઘલોના ચેપ્ટર હટાવાશે? તો આ સવાલના જવાબમાં તેમણે કહ્યું કે અમારી સરકારનો એવો કોઈ ઈરાદો નથી. તેમણે એક કાર્યક્રમમાં આ ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે ધો. ૨ સુધીના પુસ્તકો છપાઈ ગયા છે. તેને 'જાદુઈ પિટારા' નામ અપાયું છે. ધો. ૩થી ૧૨ સુધીના પુસ્તકો પર હજુ કામ ચાલુ છે. એટલા માટે એમ કહેવું યોગ્ય નહીં ગણાય કે અમે ઈતિહાસ સાથે ચેડાં કરી રહ્યા છીએ.

ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે તિલકજીએ કહ્યું હતું કે આપણા વેદ ભારતના સૌથી જૂના ગ્રંથો છે, જે લગભગ ૮૦૦૦ વર્ષ જૂના છે. ગીતા એ વેદોની ઉપજ છે. આપણા દેશનો ઈતિહાસ માત્ર ૧૦૦૦ વર્ષનો જ નથી પરંતુ તેનાથી પણ પ્રાચીન છે. આપણો ઈતિહાસ માત્ર મુઘલો સાથે જ જોડાયેલો નથી પરંતુ તેમાં એવા અનેક તથ્યો છે જેનાથી આપણે અજાણ છીએ. તેથી એ મહત્વનું છે કે આપણે આપણા બાળકોને પણ તેના વિશે શીખવીએ.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે તાજેતરમાં જ તેલંગાણામાં એક આદિવાસી યુનિવર્સિટીનું નામ સમક્કા સરક્કા યુનિવર્સિટી રાખવામાં આવ્યું છે. ખરેખર તો સમ્મક્કા સરાક્કા આદિવાસીઓનો મેળો છે અને લોકોને તેના વિશે ખબર પડે તે માટે અમે યુનિવર્સિટીને આ નામ આપ્યું છે. આ કામ પાછળનો અમારો હેતુ કોઈને છોડવાનો નથી પણ જોડવાનો છે.

સંસદની સુરક્ષામાં ચૂક મામલે સંસદમાં ભારે હોબાળો

# અધ્યક્ષના અનાદર મામલે સંસદમાંથી ૧૫ સાંસદ શિયાળુ સત્ર માટે સસ્પેન્ડ

## સંસદમાં સુરક્ષા ચૂક મામલે વિપક્ષી દળોએ લોકસભા અને રાજ્યસભા બંનેમાં ભારે હોબાળો મચાવ્યો હતો અને ગૃહ મંત્રી શાહના નિવેદનની માગ કરી હતી

નવી દિલ્હી, તા.૧૪

લોકસભામાંથી કોંગ્રેસ માટે પણ આંચકાજનક સમાચાર આવ્યા છે. કોંગ્રેસના સાંસદ ટી.એન.પ્રતાપન, હિબી ઈડેન, જોતિમણિ, રમ્યા હરિદાસ અને ડીન કુરિયાકોસને અધ્યક્ષના અનાદર મામલે શિયાળુ સત્રના બાકી સમયગાળા માટે ગૃહથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જોકે તેના બાદ પણ હોબાળો શાંત ન થતાં વધુ ૯ સાંસદોને સસ્પેન્ડ કરી દેવાયા હતા. એટલે કે હવે કુલ ૧૫ સાંસદો સસ્પેન્ડ થઈ ગયા છે જેમાં લોકસભામાં ૧૪ અને રાજ્યસભામાં ૧ સાંસદ સામેલ છે.

કોંગ્રેસના ૫ સાંસદોને સસ્પેન્ડ કરાયા બાદ પણ હોબાળો શાંત ન થતાં વધુ ૯ સાંસદોને શિયાળુ સત્ર માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. તેમાં બેની બેહનન, મોહમ્મદ જાવેદ, પી.આર.નટરાજન, કનિમોઝી, વી.કે.શ્રીકંદન, કે.સુબ્રમણ્યમ, એસ.આર. પાર્થિબન, એસ.વેંકટેશન અને મનિકમ ટાગોર સામેલ છે. સંસદમાં સુરક્ષા ચૂક મામલે વિપક્ષી દળોએ લોકસભા અને રાજ્યસભા બંનેમાં ભારે હોબાળો મચાવ્યો હતો અને ગૃહ મંત્રી શાહના નિવેદનની માગ કરી હતી. આ દરમિયાન લોકસભા સ્પીકરે હોબાળો કરવાના આરોપમાં કોંગ્રેસના સાંસદો સામે આ કાર્યવાહી કરી હતી.

સંસદીય કાર્યમંત્રી પ્રહ્લાદ જોશીએ લોકસભામાં કહ્યું કે અમે બધા સહમત છીએ કે ગઈકાલે બનેલી ઘટના લોકસભાના સભ્યોની સુરક્ષામાં ગંભીર ચૂક હતી અને આ મામલે લોકસભા અધ્યક્ષના નિર્દેશ પર અમે ઉચ્ચતરીય તપાસ શરૂ કરાવી દીધી છે. તેમણે કહ્યું કે આ મુદ્દે કોઈપણ સભ્યથી રાજનીતિની અપેક્ષા નથી રખાતી. આપણે હવે પક્ષોની રાજનીતિથી ઉપર ઊઠીને કામ કરવું પડશે. સંસદમાં સુરક્ષા ચૂકની ઘટનાઓ પહેલા પણ બની હતી અને તે સમયે લોકસભાના અધ્યક્ષોના દિશાનિર્દેશો અનુસાર કાર્યવાહી ચાલતી જ રહી છે.

અગાઉ રાજ્યસભામાંથી તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓબ્રાયનને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. તેમના સસ્પેન્શનને લઈને વિપક્ષી દળોના સાંસદોએ રાજ્યસભામાં જોરદાર હોબાળો કર્યો હતો.

ચૂંટણી પરિણામો બાદ એક સર્વે સામે આવ્યો છે

# ગુજરાતમાં કોંગ્રેસ ભાજપને ક્લિન સ્વીપ કરતા રોકી શકશે?

## સર્વેના જે તારણો સામે આવ્યા છે તે મુજબ આ વખતે ફરીથી ભાજપ ગુજરાતમાં ક્લિન સ્વીપ કરી શકે છે

નવી દિલ્હી, તા.૧૪

દેશના પાંચ રાજ્યોમાં ચૂંટણીના પરિણામો આવી ગયા અને તેમાં ભાજપને ઝળહળતી સફળતા મળી છે. હવે ભાજપ અને કોંગ્રેસે લોકસભા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરવા માંડી છે. આગામી વર્ષે દેશમાં લોકસભા ચૂંટણી થશે. ત્યારે સવાલ એ ઊભો થાય છે કે શું આ વખતે પણ ભાજપનો ગઢ ગણાતા ગુજરાતમાં કોંગ્રેસ ભાજપને ક્લિન સ્વીપ કરતા રોકી શકશે ખરા? આ અંગે ટાઈમ્સ નાઉ ઈટીજી રિસર્ચ સર્વે દ્વારા એક સર્વે થયો છે જેમાં કોને કેટલી સીટો અને મત મળી શકે છે તે અંગે અનુમાન વ્યક્ત કરાયું છે. ભાજપના નેતૃત્વવાળા NDA અને કોંગ્રેસના નેતૃત્વવાળા INDIA અલાયન્સન અંગે સર્વે થયો છે.

અત્રે જણાવવાનું કે ગત લોકસભા ચૂંટણી ૨૦૧૯માં ભાજપે ગુજરાતમાં તમામ ૨૬ બેઠકો કબજે કરી હતી. તે પહેલા પણ ૨૦૧૪માં ભાજપે ક્લિન સ્વીપ કરતા ૨૬ બેઠકો મેળવી હતી. ત્યારે આ વખતે પણ ભાજપનું લક્ષ્ય તમામ બેઠકો મેળવવાનું છે.

જો દેશમાં હાલ ચૂંટણી થાય તો કોને કેટલી બેઠકો જાય તે અંગેનું અનુમાન આ સર્વેમાં વ્યક્ત કરાયું છે. તમને જણાવી દઈએ કે સર્વેના જે તારણો સામે આવ્યા છે તે મુજબ આ વખતે ફરીથી ભાજપ ગુજરાતમાં ક્લિન સ્વીપ કરી શકે છે. કોંગ્રેસના નેતૃત્વવાળા INDIA અલાયન્સનું રાજ્યમાં ખાતું પણ નહીં ખુલે તેવું સર્વેના તારણો કહે છે. INDIA અલાયન્સ સાથે અન્યને પણ આ સર્વેમાં ઝીરો સીટ દર્શાવાઈ છે. સર્વેમાં વોટશેરનું પણ અનુમાન કરાયું છે.

સર્વેમાં કહેવાયું છે કે પીએમ મોદીના ગૃહ રાજ્યમાં પાર્ટી લોકસભા ચૂંટણીમાં ૬૦ ટકા મત મેળવી શકે છે. જ્યારે INDIA અલાયન્સના ફાળે ૩૭ ટકા મત જઈ શકે છે.

૩ ટકા મત અન્યના ફાળે જઈ શકે છે. ૨૦૧૯માં ભાજપને રાજ્યમાં ૬૨.૨૧ ટકા મત મળ્યા હતા. જ્યારે કોંગ્રેસને ૩૨.૧૧ ટકા મત મળ્યા હતા. ગત વર્ષે થયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપને રાજ્યમાં મોટી જીત મળી હતી. ભાજપને ૧૮૨ બેઠકોમાંથી ૧૫૬ બેઠકો મળી હતી. કોંગ્રેસે વિધાનસભામાં વિપક્ષના નેતાનું પદ ગુમાવવાનો વારો આવ્યો હતો. પાર્ટીને ફક્ત ૧૭ બેઠકો મળી હતી. જ્યારે આમ આદમી પાર્ટીને પાંચ બેઠકો અને ૩ પર અપક્ષો વિજયી થયા હતા. સમાજવાદી પાર્ટીને પણ રાજ્યમાં એક સીટ મળી હતી.

સંસદમાં સુરક્ષામાં ચૂક મામલે રાજકારણ ગરમાયું

# સંસદમાં સુરક્ષામાં ચૂક મામલે ૮ કર્મી સસ્પેન્ડ, ગૃહમાં હોબાળો

## સસ્પેન્ડ કરાયેલા કર્મચારીઓમાં રામપાલ, અરવિંદ, વીર દાસ, ગણેશ, અનિલ, પ્રદીપ, વિમિત્ત અને નરેન્દ્ર સામેલ

નવી દિલ્હી, તા.૧૪

સંસદમાં ગઈકાલે સુરક્ષા ચૂકના મામલાથી રાજકારણ પણ ગરમાઈ ગયું છે. સંસદના બંને ગૃહોમાં હોબાળાની સ્થિતિ જોવા મળી રહી છે. જેના પગલે લોકસભાની કાર્યવાહી બે વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. બીજી બાજુ આ સુરક્ષા ચૂક મામલે કાર્યવાહી કરતાં ૮ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવાયાની માહિતી મળી રહી છે.

સસ્પેન્ડ કરાયેલા કર્મચારીઓમાં રામપાલ, અરવિંદ, વીર દાસ, ગણેશ, અનિલ, પ્રદીપ, વિમિત્ત અને નરેન્દ્ર સામેલ છે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે બે યુવાનો દર્શકોની ગેલેરીમાંથી કૂદીને સંસદમાં પ્રવેશી ગયા હતા અને તેમણે સ્મોક બોમ્બ વડે ગૃહને માથે લઈ લીધું હતું. સાંસદોએ તેમને પકડીને સુરક્ષાકર્મીઓને હવાલે કરી દીધા હતા. જ્યારે સંસદની બહાર પણ દેખાવ કરનારા બે લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ આ મામલે વધુ બે લોકોની સંડોવણીનો ખુલાસો થયો હતો જેમાંથી એકની ધરપકડ કરાઈ હતી અને એક હજુ ફરાર ચાલે છે.

તમને જણાવી દઈએ કે જે ૮ કર્મચારીઓ પર આ કાર્યવાહી કરવામાં આવી છે તે સંસદ ભવનના સિક્યોરિટી સ્ટાફના સભ્યો હોવાની માહિતી છે. આ બધા એ જ જગ્યાએ પોસ્ટિંગ પર હતા જ્યાંથી આરોપી યુવકોએ એન્ટ્રી કરી હતી. આ આદેશ લોકસભા સચિવાલય તરફથી જાહેર કરાયો હતો.

લોકસભામાં માર્ગ પરિવહન અને હાઈવે મંત્રીની સ્પષ્ટતા

# દેશમાં ૧૫ વર્ષ કે તેનાથી જૂના વાહનો પર પ્રતિબંધ નથી : ગડકરી

## ૩૦ નવેમ્બર સુધી સ્ક્રેપિંગ પોલિસી હેઠળ માત્ર ૪૪,૮૫૨ વાહનો જ સ્ક્રેપ થયા છે, આ વાહનોમાંથી ૨૮,૦૫૦ સરકારી વાહનો હતા

નવી દિલ્હી, તા.૧૪

ઘણીવાર એવી ચર્ચા ચાલે છે કે દેશમાં ૧૫ વર્ષ જૂના વાહનો પર પ્રતિબંધ મૂકી દેવાયો છે અને હવે લોકો આવા વાહનોનો ઉપયોગ નહીં કરી શકે. પણ શું તમે જાણો છો કે લોકસભામાં જ આ વાતને ફગાવી દેતાં માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નિતિન ગડકરીએ ચોખવટ કરી દીધી છે. હાં, નિતિન ગડકરીએ કહ્યું છે કે દેશમાં ૧૫ વર્ષ કે તેનાથી જૂના વાહનો પર પ્રતિબંધ નથી.

જોકે નિતિન ગડકરીએ ખુલાસો કર્યો હતો કે દિલ્હી-એનસીઆરમાં સુપ્રીમકોર્ટે ૧૦ વર્ષ કે તેનાથી વધુ જૂના થઈ ચૂકેલા ડીઝલ વાહનો અને ૧૫ વર્ષ કે તેનાથી જૂના પેટ્રોલ વાહનો પર રોક લગાવી દીધી છે. ગડકરીએ લોકસભામાં એક સવાલના જવાબમાં આ માહિતી આપી હતી.

ઉલ્લેખનીય છે કે ૨૦૧૫માં એનજીટીએ ૧૦ વર્ષથી જૂના ડીઝલ વાહનો અને ૧૫ વર્ષથી જૂના પેટ્રોલ વાહનો પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપ્યો હતો. ૨૦૧૮માં સુપ્રીમ કોર્ટે એનજીટીના આ આદેશ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવતાં આ નિર્ણયને યથાવત રાખ્યો હતો. દિલ્હીમાં વધતા જતાં પ્રદૂષણના સ્તરને જોતા સુપ્રીમ કોર્ટે આ વાહનો પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ લગાવવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે આવા વાહનોની યાદી વેબસાઈટ પર મુકવા પણ કહ્યું હતું.

જૂના વાહનોનો ઉપયોગ ઘટાડવા માટે સરકાર સ્ક્રેપિંગ પોલિસી લાવી હતી. સ્ક્રેપિંગ પોલિસી હેઠળ સરકાર વાહનોને બદલવા માટે ઈન્સેન્ટિવ આપે છે જેથી લોકો તેમના જૂના વાહનોને સ્ક્રેપ તરીકે વેચવા માટે તૈયાર થાય. જો કે સરકારની આ નીતિ પણ વધારે સફળ ન થઈ. અન્ય એક પ્રશ્નના જવાબમાં નીતિન ગડકરીએ કહ્યું કે ૩૦ નવેમ્બર સુધી સ્ક્રેપિંગ પોલિસી હેઠળ માત્ર ૪૪,૮૫૨ વાહનો જ સ્ક્રેપ થયા છે. આ વાહનોમાંથી ૨૮,૦૫૦ સરકારી વાહનો હતા.

અવકાશમાં ફરી ભારતનો તિરંગો લહેરાશે!

# ગગનયાન મિશન પહેલા ISRO મહિલા રોબોટ મોકલશે

## અંતરીક્ષમાં જશે ભારતનો મહિલા રોબોટ વ્યોમમિત્ર

નવી દિલ્હી, તા.૧૪

ચંદ્રયાન-૩ મિશનની અપાર સફળતા બાદ ભારતીય અવકાશ એજન્સી સતત નવી ઊંચાઈઓ હાંસલ કરવામાં વ્યસ્ત છે. વાત જાણે એમ છે કે, પહેલા ISROએ સૂર્ય મિશન માટે આદિત્ય એલ-૧ લોન્ચ કર્યું. હવે ISRO ધ્યાન માનવ મિશન ગગનયાન પર છે. આ મિશન હેઠળ અવકાશયાન અવકાશમાં મોકલવામાં આવશે તે ભારતના પ્રથમ માનવ મિશન માટે રિહર્સલ તરીકે મોકલવામાં આવી રહ્યું છે. ગગનયાન મિશનની તૈયારી માટે ISRO લાંબા સમયથી કામ કરી રહ્યું છે.

આ શ્રેણીમાં મહિલા રોબોટ વ્યોમમિત્રને અવકાશયાન દ્વારા અવકાશમાં મોકલવાની તૈયારી ચાલી રહી છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી પ્રધાન ડૉ. જિતેન્દ્ર સિંહે બુધવારે જણાવ્યું હતું કે, ભારત માનવ મિશન પહેલાં મહિલા રોબોટિક અવકાશયાત્રી વ્યોમમિત્ર ને અવકાશમાં મોકલશે. કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે એક ખાનગી ચેનલ પર એક કાર્યક્રમ દરમિયાન આ માહિતી આપી હતી. ISROનું મહત્વાકાંક્ષી ગગનયાન મિશન માનવ અવકાશ ઉડાનમાં ભારતની ક્ષમતાને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવા માટે તૈયાર છે.

માનવ સહિત મિશન પહેલા ISRO એ આવતા વર્ષ માટે મહિલા રોબોટ અવકાશયાત્રી વ્યોમમિત્ર ને લઈ જતી પરીક્ષણ ફ્લાઈટનું આયોજન કર્યું છે. અંતરિક્ષ તેમજ સમુદ્રમાં ભારતની તાકાત વધારવા માટે ISROએ ડીપ સી મિશન માટે તૈયારી કરી છે જે આગામી ત્રણ-ચાર વર્ષમાં પૂર્ણ થશે. આ મિશન દ્વારા ISRO ઊંડા સમુદ્રના સંસાધનોની શોધ કરશે. જેથી ભારતની શક્તિ માત્ર બાહ્ય અવકાશમાં જ નહીં પરંતુ સમુદ્રના ઊંડાણમાં પણ જોવા મળશે.

ડૉ. સિંઘે જાહેર કર્યું કે, ભારતનું અવકાશ ક્ષેત્ર ઝડપી વિકાસના માર્ગ પર છે અને કહ્યું કે, દેશનું અવકાશ અર્થતંત્ર જેનું મૂલ્ય હાલમાં સાધારણ ઈ૮ બિલિયન છે, તે ૨૦૪૦ સુધીમાં પ્રભાવશાળી ઈ૪૦ બિલિયન સુધી પહોંચવાનો અંદાજ છે. તેમણે સ્પેસ સ્ટાર્ટઅપ્સમાં ખાનગી રોકાણ આકર્ષવામાં થયેલી નોંધપાત્ર પ્રગતિ પર પ્રકાશ પાડ્યો જેણે આ નાણાકીય વર્ષ એપ્રિલથી સામૂહિક રીતે રૂ. ૧૦૦૦ કરોડથી વધુ એકત્ર કર્યા છે.

મંત્રીએ ભારતમાં સ્પેસ સ્ટાર્ટઅપ્સની સંખ્યામાં ઝડપી વૃદ્ધિ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુધારાઓને શ્રેય આપ્યો. ૨૦૧૪માં માત્ર એક સ્ટાર્ટઅપથી દેશમાં હવે ૧૯૦ સ્પેસ સ્ટાર્ટઅપ્સ છે. ISRO ભારતની અગ્રણી અવકાશ એજન્સી ઉપગ્રહ પ્રક્ષેપણ દ્વારા વિદેશી આવક કમાવવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. આજની તારીખે તેણે ૪૩૦થી વધુ વિદેશી ઉપગ્રહો લોન્ચ કર્યા છે, જે નોંધપાત્ર આવક પેદા કરે છે. યુરોપિયન સેટેલાઈટથી ૨૯૦ મિલિયન યુરોથી વધુ અને અમેરિકન સેટેલાઈટથી ૧૭૦ મિલિયન યુએસ ડોલરથી વધુની કમાણી કરવામાં આવી છે.

ઈમરાન પર ગુપ્ત માહિતી લીક કરવાનો આરોપ

# પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાનખાનની વધી મુશ્કેલી

## ઇમરાન ખાન અને પૂર્વ વિદેશ પ્રધાન શાહ મહેમૂદ કુરેશીને દેશની ગુપ્ત માહિતી લીક કરવા બદલ દોષિત જાહેર

ઈસ્લામાબાદ, તા.૧૪

પાકિસ્તાનની વિશેષ અદાલતે ફરી એકવાર ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન અને ભૂતપૂર્વ વિદેશ પ્રધાન શાહ મહમૂદ કુરેશીને દેશની ગુપ્ત માહિતી લીક કરવા અને દેશના કાયદાનું ઉલ્લંઘન કરવાના આરોપમાં દોષિત ઠેરવ્યા છે. ન્યાયાધીશ અબુલ હસનત ઝુલકરનૈને રાવલપિંડીની ઉચ્ચ સુરક્ષાવાળી અદિયાલા જેલમાં આ કાર્યવાહી હાથ ધરી હતી. આ જેલમાં પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI) પાર્ટીના બે ટોચના નેતાઓ કેદ છે.

ન્યાયાધીશે બંને નેતાઓ સામેના આરોપો વાંચી સંભળાવ્યા હતા. તો બંને કોર્ટ રૂમની અંદર હાજર હતા, પરંતુ બંનેએ આરોપને ફગાવી દીધો હતો. જો ઓફિશિયલ સિક્રેટ એક્ટ હેઠળ દોષિત ઠરે તો ૧૦ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. કોર્ટે ઈમરાન ખાનને બીજી વખત દોષિત જાહેર કર્યા છે. આ પહેલા કોર્ટે ટેકનિકલ આધાર પર આરોપ ફગાવી દીધો હતો. કોર્ટે કહ્યું હતું કે યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું નથી.

કોર્ટરૂમમાંથી બહાર આવતી વિગતો અનુસાર, ન્યાયાધીશ દ્વારા ત્રણ આરોપો સંભળાવવામાં આવ્યા હતા. જેમાં આરોપીઓએ તેમના કાર્યકાળ દરમિયાન સત્તાવાર રહસ્ય અધિનિયમનું ઉલ્લંઘન કર્યું હતું. આ રીતે દેશની સુરક્ષાને નુકસાન થયું હતું. ઈમરાન ખાને ૨૭ માર્ચ, ૨૦૨૨ના રોજ ઈસ્લામાબાદમાં આયોજિત રેલીમાં ક્લાસિફાઈડ ડોક્યુમેન્ટ જાહેરમાં બતાવ્યા હતા.

સરકારી વકીલ શાહ ખાવરે બુધવારે જણાવ્યું હતું કે, કોર્ટરૂમમાં આરોપો વાંચવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે ખાન અને તેના સહ-આરોપી પૂર્વ વિદેશ મંત્રી શાહ મહમૂદ કુરેશી બંનેએ આરોપોને નકારી કાઢ્યા છે. ખાનના વકીલ ગોહર ખાને આરોપનો વિરોધ કરતા કહ્યું હતું કે જો આરોપીની સહી હશે તો જ તે માન્ય ગણાશે. પૂર્વ વડાપ્રધાને અગાઉ કહ્યું હતું કે આ સામગ્રી અન્ય સ્ત્રોતોથી મીડિયામાં આવી છે. ૮ ફેબ્રુઆરીની ચૂંટણીઓ પહેલા તેમના પક્ષ માટે પ્રચાર કરવા માટે જેલમાંથી મુક્ત થવાની તેમની શક્યતાઓને ઓછી દેખાઈ રહી છે. બુધવારે, પાકિસ્તાનની સર્વોચ્ચ અદાલતે મે મહિનામાં તેમની ધરપકડ બાદ થયેલા હિંસક વિરોધ અંગે લશ્કરી અદાલતોને તેમની સામે કેસ ચલાવવાની મંજૂરી આપી હતી. લશ્કરી ઠેકાણા પર હુમલો કરવાના આરોપમાં ખાનના ૧૦૦થી વધુ સમર્થકોની ટ્રાયલ ફરી શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટનો તાજેતરનો આદેશ બે મહિના કરતાં ઓછા સમય પછી આવ્યો છે. જ્યારે એ જ કોર્ટના પાંચ ન્યાયાધીશોએ ખાનની પાર્ટી, પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) પર કાર્યવાહીના ભાગરૂપે ધરપકડ કરાયેલા ૧૦૩ નાગરિકોની સુનાવણી અટકાવી દીધી હતી.

હવે અયોધ્યા રામમંદિરના નવા પૂજારીને લઈને વિવાદ

# રામમંદિરના મુખ્ય પૂજારી તરીકે મોહિત પાંડેની પસંદગીના ટ્રસ્ટનો ઈનકાર

## મદિરના મુખ્ય પૂજારી માટે ૩૦૦૦ પંડિતોની અરજીમાંથી ૫૦ની પસંદગી થઈ હોવાનું જાણવા મળ્યું હતું

અયોધ્યા, તા.૧૪

અયોધ્યામાં બની રહેલા ભવ્ય અને દિવ્ય રામ મંદિરનો અભિષેક ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ થવાનો છે. આ દરમિયાન મીડિયામાં સમાચાર વહેતા થયા કે ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદના રહેવાસી મોહિત પાંડેની રામ મંદિરના મુખ્ય પૂજારી તરીકે પસંદગી કરવામાં આવી છે. ઘણા માધ્યમોએ જણાવ્યું હતું કે ૩૦૦૦પંડિતોની અરજીઓ સ્વીકારવામાં આવી હતી જેમાંથી ૫૦ની પસંદગી કરવામાં આવી હતી અને તેમાંથી મોહિત પાંડેનું નામ પસંદ થયું છે અને તેમને મુખ્ય પૂજારી તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેઓ દૂધેશ્વર વેદ વિદ્યાપીઠના વિદ્યાર્થી રહી ચૂક્યા છે.

દરમિયાન, 'શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર' ટ્રસ્ટના સભ્ય કામેશ્વર ચૌપાલે ફેસબુક પોસ્ટ દ્વારા આ અહેવાલોને ખોટા ગણાવ્યા છે. તેમણે સ્પષ્ટ કહ્યું કે અયોધ્યામાં શ્રી રામજન્મભૂમિ મંદિર માટે કોઈ મુખ્ય પૂજારીની નિમણૂક કરવામાં આવી નથી. તેમણે અપીલ પણ કરી છે કે કૃપા કરીને ભ્રામક સમાચારો પર ધ્યાન ન આપો. કામેશ્વર ચૌપાલે એમ પણ કહ્યું કે રામ મંદિરના પૂજારી સત્યેન્દ્ર દાસ છે અને કોઈ નવા પૂજારીની પસંદગી કરવામાં આવી નથી.

તેમણે કહ્યું કે કોઈ મુખ્ય પૂજારીની નિમણૂક કરવામાં આવી નથી. કામેશ્વર ચૌપાલના જણાવ્યા અનુસાર ઈન્ટરવ્યુ બાદ ૨૧ લોકોની પસંદગી કરવામાં આવી છે. જોકે, તેમને હજુ ૬ મહિનાની ટ્રેનિંગ આપવાની બાકી છે. ત્યાર બાદ યોગ્યતાના આધારે નિર્ણય લેવામાં આવશે. કામેશ્વર ચૌપાલે કહ્યું કે એ વાત સાચી છે કે સત્યેન્દ્ર દાસ વૃદ્ધ છે, પરંતુ અત્યારે તેઓ મુખ્ય પૂજારીની જવાબદારી નિભાવી રહ્યા છે અને તેમના અનુગામી તરીકે કોઈનું નામ નક્કી કરવામાં આવ્યું નથી.

'શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર' ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયે પણ મોહિત પાંડેને મુખ્ય પૂજારી બનાવવાના સમાચાર પર કહ્યું કે મીડિયા અને સોશિયલ મીડિયાનું શું, તેઓ કોઈપણ નામથી ચાલતા રહે છે, તેઓ કોઈપણનું નામ વાપરી શકે છે. તેમણે કહ્યું કે જે ઈચ્છે છે તે તેમના નામનો ઉપયોગ કરી શકે છે.

તમને જણાવી દઈએ કે સત્યેન્દ્ર દાસ છેલ્લા ૩૨ વર્ષથી રામ મંદિરના મુખ્ય પૂજારી છે. તેઓ ત્યાં રામલલાની પૂજા કરતા હતા. ડિસેમ્બર ૧૯૯૨માં બાબરી ઢાંચાને તોડી પાડવાના ૯ મહિના પહેલા તેમની નિમણૂક કરવામાં આવી હતી. તેમણે પોતે કહ્યું હતું કે પૂજા કરતી વખતે તેમને લાગ્યું કે એક દિવસ રામલલાનું મંદિર બનશે. તમને જણાવી દઈએ કે પવિત્ર થવા સુધી રામ લલ્લા એ તંબુમાં જ રહેશે જ્યાં તેઓ વર્ષોથી હતા. નિમણૂક સમયે સત્યેન્દ્ર દાસને માત્ર ૧૦૦ રૂપિયાનો પગાર મળતો હતો, જે બાદમાં વધારીને ૧૩,૦૦૦ રૂપિયા કરવામાં આવ્યો હતો.

સત્યેન્દ્ર જૈન વ્યવસાયે શિક્ષક છે અને આ નોકરી દ્વારા તેઓ ઘરનું ગુજરાન ચલાવતા હતા. તેમનું નામ ભાજપના પૂર્વ સાંસદ વિનય કટિયાર અને પૂર્વ વિહિપનાપ્રમુખ અશોક સિંઘલે નક્કી કર્યું હતું. તેમના હિંદુ નેતાઓ સાથે સારા સંબંધો હતા. ૧૯૪૯માં રામજન્મભૂમિમાં રામ લલ્લાની પ્રતિમા સ્થાપિત કરનાર બૈરાગીઓમાં તેમનો પણ સમાવેશ થતો હતો. તેમણે ૧૯૫૮ માં ઘર છોડ્યું, ૧૯૭૫ માં આચાર્યની ડિગ્રી લીધી અને બીજા જ વર્ષે તેઓ સંસ્કૃત શિક્ષક બન્યા. બાબરી વિધ્વંસ સમયે પણ તેઓ રામલલા સાથે હતા અને પ્રતિમા સાથે થોડે દૂર ગયા હતા.

### સરકારે જાહેર કર્યો પરિપત્ર

# ગ્રાંટેડ કોલેજના અધ્યાપક સહાયકો માટે મહત્વપૂર્ણ નિર્ણય

## હવેથી પાંચ વર્ષ ફિક્સ પગારની નોકરી સળંગ ગણવામાં આવશે : બઢતી, ઉચ્ચતર પગાર ધોરણ માટે લાભ મળશે

ગાંધીનગર, તા.૧૪

અધ્યાપર સહાયકો માટે મોટા સમાચાર છે. ગ્રાંટેડ કોલેજના અધ્યાપક સહાયકો માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. જી હા...બિનસરકારી ગ્રાન્ટેડ કોલેજોના અધ્યાપક સહાયકો માટે સરકારે પરિપત્ર જાહેર કર્યો છે. જેમાં પાંચ વર્ષ ફિક્સ પગારની નોકરી સળંગ ગણાશે. બઢતી, ઉચ્ચતર પગાર ધોરણ માટે લાભ મળશે. ઓગસ્ટ ૨૦૦૫ના ઠરાવથી નિમણૂંક પામેલા અધ્યાપક સહાયકને લાભ મળશે, આવા બિનસરકારી ગ્રાન્ટેડ કોલેજના અધ્યાપક સહાયકોની ફિક્સ પે ની સેવાઓને સળંગ ગણાશે. ફિક્સ પે વખતના પાંચ વર્ષના સમયગાળાને શરતોને આધિન ગણતરીમાં લેવાશે. પ્રમોશન , સિનિયોરીટી , હાયર સ્કેલ અને નિવૃત વિષેયક લાભો માટે ફિક્સ પે ના પાંચ વર્ષને પણ ગણતરીમાં લેવાશે. શિક્ષણ વિભાગ દ્વારા ઠરાવ બહાર પાડવામાં આવ્યો છે.

ઠરાવા મુજબ, રાજયની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં વિભાગના તા.૨૫/૦૮/૨૦૦૫ના ઠરાવથી નિમણૂક પામેલ અધ્યાપક સહાયકને તેઓની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓનેબઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો આપવા માટે સેવા તરીકે નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે. આવી ફિક્સ પગારની નોકરીનો સમયગાળો બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગારધોરણ અને નિવૃત્તિ વિક લાભોની ગણતરી માટે જ ધ્યાને લેવાશે,, આ વિવાય અન્ય કોઈપણ પ્રકારના સેવાકીય/નાણાકીય લાભ મળવા પાત્ર થશે નહીં. આ ફિક્સ પગારની સેવા ધ્યાને લેવાને કારણેપગારબાંધણી થતાં નક્કી થતાં પગારનો તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સંપૂર્ણ સમયગાળા સુધીનો કોઈપણ તફાવત ચએરીયસૃ રોકડમાં કે અન્ય કોઈપણ રીતે ચૂકવવા પાત્ર થશે નહી. અર્થાત તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળા માટે આ ગણતરીમાં નોશનલ કરવાની રહેશે તેમજ તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળાનું કોઈ એરીયર્સ મળવા પાત્ર થશે નહીં. આ ફિક્સ પગારની સેવાના સમયગાળા માટે કોઈપણ પ્રકારના ઈજાફા ગણતરીમાં, નોશનલના હેતુ માટે પણ ધ્યાને લેવાના રહેશે નહીં. જે કર્મચારીઓને હાલની તારીખે જુની પેન્શન યોજના લાગુ પડે છે તેઓને જુની પેન્શન યોજના લાગુ પડશે. જે કર્મચારીઓ નવી પેન્શન યોજનામાં જોડાયેલ છે તેઓને નવી પેન્શન યોજના જ લાગુપડશે. અર્થાત ફિક્સ પગારની નોકરીનો સમયગાળો ધ્યાને લેવાના કારણે તેઓને હાલમાં લાગુ પડેલી પેન્શન યોજનામાં કોઈ ફેરફાર કરવામાંઆવશે નહીં. આ લાભો ૦૧-૦૪-૨૦૧૯ની અસરથી મળવા પાત્ર થશે.

### સેન્સેક્સે પ્રથમ વખત ૭૦,૦૦૦ના આંકડાને સ્પર્શ કર્યો

# વિક્રમી વૃદ્ધિ છતાં શેરબજાર રોકાણકારોને નફામાં બીજા ક્રમે

## રેકોર્ડ રૂ. ૬૪,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામે પહોંચેલું સોનું, નફામાં પ્રથમ ક્રમે રહ્યું હતું, જેણે ૩૪ ટકા વળતર આપ્યું

મુંબઈ, તા.૧૪

સેન્સેક્સે આ સપ્તાહે પ્રથમ વખત ૭૦,૦૦૦ના ઐતિહાસિક આંકડાને સ્પર્શ કર્યો છે. વિક્રમી વૃદ્ધિ છતાં સેન્સેક્સ છેલ્લા બે વર્ષમાં રોકાણકારોને નફો આપવામાં બીજા સ્થાને રહ્યું છે. ગયા અઠવાડિયે રેકોર્ડ રૂ. ૬૪,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામે પહોંચેલું સોનું, નફામાં પ્રથમ ક્રમે રહ્યું હતું, જેણે ૩૪ ટકા વળતર આપ્યું હતું. ચાંદીએ પણ ૨૧ ટકાનો નફો આપ્યો છે. જોકે, રૂપિયો, ક્રૂડ ઓઈલ અને બિટકોઈનના કારણે રોકાણકારોને નુકસાન થયું છે.

સેન્સેક્સ ૬૦,૦૦૦ પર પહોંચ્યો ત્યારે જો કોઈએ ૧ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હોય, તો આ અઠવાડિયે આ રકમ વધીને ૧.૧૬ લાખ રૂપિયા થઈ ગઈ છે. આ સમયગાળા દરમિયાન સેન્સેક્સના ૩૦માંથી ત્રણ શેરોએ સૌથી વધુ નફો આપ્યો હતો. એનટીપીસીએ ૧૩૧ ટકા વળતર આપ્યું છે, ટાટા મોટર્સે ૧૨૭ ટકા અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ ૧૧૨ ટકા વળતર આપ્યું છે.

ઈમરજન્સીમાં સોનું સૌથી વધુ મદદરૂપ છે. ઘણા દેશોમાં તણાવ ચાલી રહેલો હોવા છતાં પણ સોનાએ સારું પ્રદર્શન કર્યું છે. ગયા અઠવાડિયે પણ તે પ્રથમ વખત રૂ. ૬૪,૦૦૦ની સપાટી સુધી પહોંચ્યું હતું. આવી સ્થિતિમાં, જેણે તેમાં ૧ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હશે, તે રકમ હવે ૧.૩૪ લાખ રૂપિયા થઈ જશે.

સોનાની જેમ ચાંદી પણ કિંમતી ધાતુઓમાં સામેલ છે. ચાંદીની કિંમતમાં પણ સોનાની જેમ વધ ઘટ થાય છે. તે પણ પહેલીવાર ૮૦,૦૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવને સ્પર્શી ગયો છે. ૧ લાખનું રોકાણ હવે ૧.૨૧ લાખ રૂપિયા થઈ ગયું છે. એટલે કે ૨૧ ટકા નફો થયો હોવાનું કહી શકાય છે. ઘણા દેશો વચ્ચે તણાવના કારણે બ્રેન્ટ ક્રૂડના ભાવમાં પણ સતત ઘટાડો થઈ રહ્યો છે. જે બેરલ દીઠ ૩૫ ડોલરસુધી પહોંચ્યા પછી, તે ફરીથી ૯૦ ડોલરની કિંમતને સ્પર્શી ગયો હતો. હાલમાં તે ૭૫ ડોલરની આસપાસ છે. ૧ લાખનું રોકાણ ઘટીને ૯૫,૫૮૨ રૂપિયા થઈ ગયું છે. જેથી રોકાણકારોને ૪.૭ ટકાનું નુકશાન થયું કહી શકાય.

રૂપિયો આ વર્ષે રોકાણકારોને નિરાશ કરી રહ્યો છે, જે ડોલર સામે સર્વકાલીન નીચી સપાટીએ પહોંચી ગયો છે. આમાં ૧ લાખ રૂપિયાનું રોકાણ ઘટીને ૮૬,૮૩૭ રૂપિયા થઈ ગયું છે.

ગયા વર્ષ સુધી જંગી નફો આપતું આ વર્ચ્યુઅલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્સ્ટ્રૂમેન્ટ હવે અડધી કિંમતે ટ્રેડ થઈ રહ્યું છે. ૬૦,૦૦૦ ડોલર સુધી પહોંચ્યા બાદ હવે તે ૩૦,૦૦૦ ડોલર પર આવી ગયું છે. ૧ લાખનું રોકાણ હાલમાં ઘટીને ૯૮,૭૪૨ રૂપિયા થઈ ગયું છે. આપેલા આંકડાઓ ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૧ થી ૧૦ ડીસેમ્બર ૨૦૨૩ સુધીના છે.

### આઈપીએલ ૨૦૨૪ની જોરશોરથી તૈયારીઓ શરૂ

# કોલકાતાના સુકાની તરીકે શ્રેયસ ઐયર, ઉપસુકાની તરીકે નીતિશ રાણાની વરણી

## કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમ આઈપીએલ ૨૦૨૩માં પોઈન્ટ્સ ટેબલ પર ચાર વિજય સાથે ૭મા નંબરે રહી હતી

કોલકાતા, તા.૧૪

આઈપીએલ ૨૦૨૪ની જોરશોરથી તૈયારીઓ શરૂ ગઈ છે, જેમાં કોલકતા નાઈટ રાઈડર્સે ફરી એક વખત શ્રેયસ ઐય્યરના હાથમાં કપ્તાની સોંપી છે. જ્યારે ટીમમાં વાઈસ કેપ્ટન તરીકે નીતીશ રાણાને બનાવવામાં આવ્યો છે. મહત્વનું છે કે છેલ્લી કેટલીક આઈપીએલમાં નીતીશ રાણાએ કેપ્ટનશીપ કરી હતી. બીજી બાજુ ગૌતમ ગંભીર હાલમાં જ કોલકતા ટીમના મેન્ટર તરીકે જોડાયા છે.

કેકેઆરના સીઈઓએ કહ્યું ગત આઈપીએલમાં શ્રેયસ ચોટિલ હોવાના કારણે રમી શક્યો ન હતો તે અમારા માટે દુર્ભાગ્યપૂર્ણ હતું. પરંતુ જે રીતે આ ઈજામાંથી બહાર આવીને શ્રેયસે પોતાનું ફોર્મ દેખાડ્યું છે તે જ તેની કાબિલેયત દર્શાવે છે.

તેમણે કહ્યું અમે એ નીતીશનો પણ આભાર માનીએ છીએ કે ગત આઈપીએલમાં શ્રેયસની જગ્યા લેવા માટે સહમત થયો અને તેણે શાનદાર પ્રદર્શન પણ કર્યુ. વાઈસ કેપ્ટનના રોલમાં નીતીશ શ્રેયસને સમર્થન કરવાના તમામ સંભવ પ્રયાસ કરશે.

બીજી બાજુ શ્રેયસ ઐય્યરે પોતાના કેપ્ટન બનવા પર કહ્યું કે ગઈ સીઝનમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો જેમાં ઈજા પણ એક મોટું કારણ હતું. શ્રેયસે નીતીશની કેપ્ટનશીપ પર વાત કરતા કહ્યું કે તેણે મારા કરતા પણ સારું કામ કર્યુ. મને ખુશી છે કે કેકેઆરતેને વાઈસ કેપ્ટન બનાવ્યો. તેમાં કોઈ શંકા નથી કે આ કારણથી હવે ટીમની લીડરશીપ વધુ મજબૂત થશે. કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમ આઈપીએલ૨૦૨૩માં પોઈન્ટ્સ ટેબલ પર સાતમાં નંબરે રહી હતી. તેણે ૧૪ મેચમાંથી માત્ર ૪ મેચ જ જીતી હતી. કેકેઆરને ૮ મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. ટીમ માટે સૌથી વધુ રન રિંકુ સિંહે બનાવ્યા હતા. રિંકુએ ૧૪ મેચમાં ૪૭૪ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે ૪ ફિફ્ટી પણ ફટકારી હતી.

### મદ્રાસ હાઈકોર્ટની મહત્વપૂર્ણ ટીપ્પણી

# હિંદુ ધાર્મિક નેતાઓનું ટાર્ગેટ કિલિંગ આતંકી કૃત્ય ન ગણાય

## મદ્રાસ હાઈકોર્ટે ગેરકાનૂની ગતિવિધિઓ અધિનિયમ હેઠળ ધરપકડ કરાયેલી એક વ્યક્તિને જામીન આપ્યા

નવી દિલ્હી, તા.૧૪

મદ્રાસ હાઈકોર્ટે ગઈ કાલે દલીલ કરી કે, શું હિન્દુ ધાર્મિક નેતાઓની ટાર્ગેટ કિલિંગને યુએપીએની કલમ ૧૫ હેઠળ વ્યાખ્યાયિત આતંકવાદી એક્ટ માની શકાય? મદ્રાસ હાઈકોર્ટે ગેરકાનૂની ગતિવિધિઓ (નિવારણ) અધિનિયમ (યુએપીએ) હેઠળ ધરપકડ કરાયેલ એક વ્યક્તિને જામીન આપતાં કહ્યું કે આ ચર્ચાનો મુદ્દો છે. મદ્રાસ હાઈકોર્ટે યુએપીએહેઠળ ધરપકડ કરાયેલ વ્યક્તિને જામીન આપતા તેના કૃત્યને આતંકવાદી કૃત્ય ગણવાનો ઈનકાર કરી દીધો છે. જસ્ટિસ એસએસ સુંદર અને સુંદર મોહનની ડિવિઝન ખંડપીઠે બુધવારે કહ્યું હતું કે, પુરાવા પરથી જાણી શકાય છે કે, ષડયંત્ર કેટલાક નિશ્ચિત ધાર્મિક નેતાઓ પર હુમલો કરવાનું હતું. અધિકારીઓએ એ નથી જણાવ્યું કે, તેને આતંકવાદી કૃત્ય કેવી રીતે માની શકાશે, જેમ કે, યુએપીએની કલમ ૧૫ હેઠળ વ્યાખ્યાયિત કરવામાં આવ્યુ છે. આરોપી કથિત રીતે આઈએસમાં સામેલ થવા માંગતો હતો અને તેણે ભાજપ અને આરએસએસ સાથે સંકળાયેલા હિંદુ ધાર્મિક નેતાઓની હત્યાનું કાવતરું ઘડ્યું હતું. કોર્ટે યુએપીએહેઠળ ધરપકડ કરાયેલા વ્યક્તિને એમ કહીને જામીન આપી દીધા કે, પુરાવા ભારતની એકતા, અખંડિતતા, સુરક્ષા, આર્થિક સુરક્ષા અથવા સાર્વભૌમત્વને જોખમમાં મૂકવા અથવા લોકોમાં આતંક ફેલાવવાના ઈરાદાને સ્થાપિત નથી કરતા. ખંડપીઠે આરોપી આસિફ મુસ્તફિન દ્વારા જામીન પર મુક્તિની માંગ કરતી અરજી પર આ ટિપ્પણી કરી હતી. આરોપી આસિફની રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)એ ૨૬ જુલાઈ ૨૦૨૨ના રોજ યુએપીએહેઠળ ધરપકડ કરી હતી. અગાઉ દાખલ કરવામાં આવેલી તેની જામીન અરજીઓને ટ્રાયલ કોર્ટ, હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. છેલ્લા ૧૭ મહિનાથી તે જેલમાં બંધ હતો. ફરિયાદ પક્ષે કોર્ટમાં દલીલ કરી હતી કે, આરોપી આઈએસનો સદસ્ય બનવા માંગતો હતો અને તેણે અન્ય એવા આરોપી સાથે નિકટતા કેળવી રાખી હતી જે પહેલાથી જ વૈશ્વિક આતંકવાદી સંગઠનનો સદસ્ય હતો. આ બંનેએ ભાજપ અને આરએસએસ સાથે સંકળાયેલા હિંદુ ધાર્મિક નેતાઓને મારવાનું ષડયંત્ર બનાવ્યુ હતું.ફરિયાદ પક્ષની દલીલો સાંભળ્યા બાદ ખંડપીઠે કહ્યું કે જે પુરાવા મળ્યા છે તે ક્યાંય એવું નથી દર્શાવતા કે આરોપી આઈએસમાં સામેલ થઈ ગયો હતો અથવા બીજો આરોપી અને તેનો સાથી આતંકવાદી ગ્રુપનો મેમ્બર હતો.

### હરિયાણા વિજય હજારે ટ્રોફીની ફાઈનલમાં

# એક પણ મેચ હાર્યા વિના ફાઈનલમાં પહોંચીને હરિયાણાએ ઈતિહાસ રચ્યો

## હરિયાણાએ ડોમેસ્ટિક ક્રિકેટમાં રમાનાર ૫૦ ઓવરની આ ટુર્નામેન્ટમાં પ્રથમવાર ફાઈનલ માટે ક્વાલિફાઈ કર્યું

નવી દિલ્હી, તા.૧૪

હરિયાણાની ક્રિકેટ ટીમ વિજય હજારે ટ્રોફી ૨૦૨૩ના ફાઈનલમાં પહોંચી ગઈ છે. હરિયાણાએ ડોમેસ્ટિક ક્રિકેટમાં રમાનાર ૫૦ ઓવરની આ ટુર્નામેન્ટમાં પ્રથમ વખત ફાઈનલ માટે ક્વાલિફાઈ કર્યું છે. અશોક મેનારિયાના નેતૃત્વમાં હરિયાણાની ટીમે સેમિફાઈનલમાં તમિલનાડુને ૬૩ રનથી હરાવ્યું હતું. હરિયાણાએ ગ્રુપ સ્ટેજની મેચોમાં શાનદાર પ્રદર્શન કરતા અનુક્રમે ઉત્તરાખંડ, બિહાર, ચંદીગઢ, મિઝોરમ, દિલ્હી, કર્ણાટક અને જમ્મુ-કાશ્મીરને હરાવ્યા હતા. આ પછી હરિયાણાએ ક્વાર્ટર ફાઈનલમાં બંગાળને હરાવીને સેમિફાઈનલમાં જગ્યા બનાવી હતી. ત્યારબાદ સેમિફાઈનલમાં તમિલનાડુને હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે.

વિજય હજારે ટ્રોફી ૨૦૨૩ની ફાઈનલ મેચ ૧૬ ડિસેમ્બરના રોજ રાજકોટમાં રમાનાર છે. હરિયાણા અને તમિલનાડુ વચ્ચે રમાયેલી સેમિફાઈનલ મેચ પણ રાજકોટમાં જ રમાઈ હતી. આજે રાજસ્થાન અને કર્ણાટક વચ્ચે બીજી સેમિફાઈનલ મેચ રમાશે. બીજી સેમિફાઈનલ મેચ જીતનારી ટીમની ફાઈનલમાં હરિયાણા સાથે ટક્કર થશે.

હરિયાણાએ સેમિફાઈનલમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ બેટિંગ કરતા હરિયાણાની ટીમે ૫૦ ઓવરમાં ૭ વિકેટના નુકસાને ૨૯૩ રન બનાવ્યા હતા. હરિયાણા તરફથી હિમાન્શૂ રાણાએ ૧૧ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૧૧૬ રન બનાવ્યા હતા. તે ઉપરાંત ઓપનર યુવરાજ સિંહે ૭ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૬૫ રનની શાનદાર ઈનિંગ રમી હતી. જવાબમાં ટાર્ગેટની પીછો કરવા મેદાન પર ઉતરેલી તમિલનાડુની ટીમ ૪૭.૧ ઓવરમાં ૨૩૦ રનના સ્કોર પર સમેટાઈ ગઈ હતી. આ દરમિયાન હરિયાણા માટે અંશુલ કંબોજે સૌથી વધુ ૪ વિકેટ ઝડપી હતી. જયારે રાહુલ તેવાટિયાએ ૨ વિકેટ અને સુમિત કુમાર, નિશાંત સિંધૂ અને હર્ષલ પટેલે ૧-૧ વિકેટ ઝડપી હતી.

### ભારતીય સેનાએ કર્યા રેસ્ક્યુ

# સિક્કિમમાં હિમવર્ષા વચ્ચે ફસાયા ૮૦૦ પ્રવાસીઓ

સિક્કિમ, તા.૧૪

ભારતીય સેનાના જવાનોએ પૂર્વ સિક્કિમમાં ઊંચાઈવાળા વિસ્તારોમાં ફસાયેલા ૮૦૦ થી વધુ પ્રવાસીઓને બચાવ્યા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, વૃદ્ધ લોકો, મહિલાઓ અને બાળકો સહિત આ પ્રવાસીઓ હિમવર્ષા અને ખરાબ હવામાનને કારણે પૂર્વ સિક્કિમના વિવિધ વિસ્તારોમાં ફસાયેલા હતા. તેમણે કહ્યું કે ભારતીય સેનાના ત્રિશક્તિ કોર્પ્સ દ્વારા હાથ ધરવામાં આવેલ બચાવ કામગીરી મોડી સાંજ સુધી ચાલુ રહી અને તમામ ફસાયેલા પ્રવાસીઓને સુરક્ષિત વિસ્તારોમાં લઈ જવામાં આવ્યા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે તમામ પ્રવાસીઓને આશ્રય, ગરમ કપડાં, તબીબી સહાય અને ગરમ ખોરાક આપવામાં આવ્યો હતા. તેમણે કહ્યું કે સૈનિકોએ ફસાયેલા પ્રવાસીઓને સમાવવા માટે તેમની બેરેક ખાલી કરી.

સેનાએ ફસાયેલા પ્રવાસીઓને બચાવ્યા- વાસ્તવમાં, બુધવારે બપોરે હિમવર્ષા અને ખરાબ હવામાનને કારણે, વૃદ્ધ લોકો, મહિલાઓ અને બાળકો સહિત ૮૦૦ થી વધુ પ્રવાસીઓ પૂર્વ સિક્કિમના ઊંચાઈવાળા વિસ્તારોમાં ફસાઈ ગયા હતા. આ પછી, ત્રિશક્તિ કોર્પ્સના જવાનો તરત જ એક્શનમાં આવ્યા અને ફસાયેલા પ્રવાસીઓને બચાવ્યા.

પ્રવાસીઓ માટે રાહત અને આરામ- સૈનિકોના ત્વરિત પ્રતિસાદથી ખરાબ હવામાનની સ્થિતિમાં ફસાયેલા પ્રવાસીઓને રાહત અને આરામ મળ્યો. ફસાયેલા પ્રવાસીઓએ આર્મી દ્વારા આપવામાં આવેલી તાત્કાલિક રાહત બદલ ઊંડો આભાર વ્યક્ત કર્યો હતો.

ભારતીય સેના હિમાલયના ઊંચાઈવાળા વિસ્તારોમાં સરહદની રક્ષા કરતી વખતે પ્રવાસીઓ અને સ્થાનિક વસ્તીને મદદ પૂરી પાડવા સક્રિય રહે છે.

સૈનિકો તેમની બેરેક ખાલી કરે છે- બચાવ કાર્ય હજુ પણ ચાલુ છે અને પ્રવાસીઓને સુરક્ષિત વિસ્તારોમાં લઈ જવામાં આવી રહ્યા છે.

તેમજ આશ્રય, ગરમ કપડાં, તબીબી સહાય અને ગરમ ખોરાક આપવામાં આવી રહ્યો છે. ફસાયેલા પ્રવાસીઓને રહેવા માટે સૈનિકોએ તેમની બેરેક ખાલી કરી.

### બુધવારે સંસદમાં બે યુવાનો ઘુસી ગયા હતા

# લોકસભામાં સ્મોક એટેક કરનારાને ૧૦ લાખની સહાયની પન્નુની જાહેરાત

## ૧૩ ડિસેમ્બરે સંસદનો પાયો હચમચી ગયો અને ખાલિસ્તાન લોકમત સંગ્રહ માટે મતદાર રજિસ્ટ્રેશનની શરૂઆત સાથે તે હચમચતો રહેશે : પન્નૂ

નવી દિલ્હી, તા.૧૪

રાજધાની નવી દિલ્હીમાં ૨૨ વર્ષ પહેલાં ૧૩ ડિસેમ્બરના રોજ પાંચ આતંકવાદીઓએ સંસદ પર હુમલો કર્યો હતો જેમાં દિલ્હી પોલીસના પાંચ જવાન સહિત ૯ લોકોનાં મોત થઈ ગયા હતા. આ ઘટનાને બે દાયકા વીતી ગયા છે ત્યારે હવે આ આતંકવાદી હુમલાની ૨૨મી વરસી પર જ બુધવારે સંસદની સુરક્ષામાં મોટી ચૂક થઈ હતી. લોકસભામાં બે યુવાનોએ ઘૂસીને 'સ્મોક એટેક' કર્યો હતો જ્યારે બે લોકોએ સંસદની બહાર ગેસના ધુમાડા કર્યા હતા અને તેમણે તાનાશાહી નહીં ચલેગી, ભારત માતા કી જય, જય ભીમ, જય ભારતનો સૂત્રોચ્ચાર કર્યો હતો. ત્યારે હવે શીખ ફોર જસ્ટિસના જનરલ કાઉન્સિલ અને આતંકવાદી ગુરપતવંત પન્નૂએ આ ઘટનામાં સામેલ વિદ્રોહીઓ માટે ૧૦ લાખ રૂપિયાની કાનૂની સહાયની જાહેરાત કરી છે. પન્નૂએ કહ્યું કે, ૧૩ ડિસેમ્બરે સંસદનો પાયો હચમચી ગયો અને ખાલિસ્તાન લોકમત સંગ્રહ માટે મતદાર રજિસ્ટ્રેશનની શરૂઆત સાથે તે હચમચતો રહેશે.

ખાલિસ્તાની આતંકવાદી પન્નુએ તાજેતરમાં જ એક વીડિયો મેસેજ જારી કરીને સંસદ પર હુમલાની ધમકી આપી હતી. જોકે હજુ સુધી તમામ છ આરોપીઓ અને ખાલિસ્તાન મુવમેન્ટ વચ્ચે કોઈ કનેકશન સામે નથી આવ્યું. ધમકીભર્યા વિડિયોમાં પન્નૂએ ૨૦૦૧ના સંસદ હુમલાના દોષી અફઝલ ગુરુનું પોસ્ટર અને 'દિલ્હી બનેગા ખાલિસ્તાન' શીર્ષક આપતા કહ્યું હતું કે ભારતીય એજન્સીઓ દ્વારા તેમની હત્યાનું કાવતરું નિષ્ફળ ગયું છે. તે ૧૩ ડિસેમ્બરે અથવા તે પહેલાં સંસદ પર હુમલો કરીને તેનો જવાબ આપશે.

લોકસભામાં ગઈ કાલે કાર્યવાહી ચાલી રહી હતી ત્યારે નવું સંસદભવન જોવાના બહાને મૈસૂરથી ભાજપના સાંસદ પ્રતાપ સિંહાની ઓફિસમાંથી પાસ લઈને બે યુવાનો સાગર શર્મા અને મૈસુરના મનોરંજન ડી બપોરે ૧.૦૦ વાગ્યે દર્શક ગેલેરીમાંથી સાંસદોની બેન્ચ પર કૂદ્યા હતા અને આમ-તેમ દોડાદોડી કરી હતી અને ત્યાર બાદ બૂટમાંથી પીળા રંગનો ગેસ સ્પ્રે કર્યો હતો. આ સાથે જ તેમણે સૂત્રોચ્ચાર કર્યો હતો. જોકે, સાંસદોએ બંને યુવકોને પકડી લીધા હતા અને તેમની જોરદાર મારપીટ કરી હતી ત્યાર બાદ તેમને સુરક્ષા કર્મચારીઓને હવાલે કરી દીધા હતા.

આ સમયે લોકસભા ગૃહ પીળા ધુમાડાથી ભરાઈ જતાં કાર્યવાહી બપોરે ૨.૦૦ વાગ્યા સુધી સ્થગિત કરી દેવાઈ હતી.

### મહાનગરો માટે મુખ્યમંત્રી કક્ષાએ મહત્વનો નિર્ણય

# ગાંધીનગર, સુરત, વડોદરામાં શહેરી વિકાસ માટે ૪૮૪ કરોડની ફાળવણી

## આઉટગ્રોથ એરીયા ડેવલપમેન્ટ કામો તથા મુખ્યમંત્રી શહેરી સડક યોજના માટે સૈદ્ધાંતિક મંજૂરી

અમદાવાદ, તા.૧૪

રાજ્યના મુખ્યમંત્રીએ નગરો અને મહાનગરોમાં જન સુખાકારીના વધુ કામોને મંજૂરી આપી છે. વાત જાણ એમ છે કે, મુખ્યમંત્રી કક્ષાએ થુ ગાંધીનગર, સુરત, વડોદરામાં શહેરી વિકાસ માટે ૪૮૪ કરોડની ફાળવણી કરાઈ છે. આ સાથે ગાંધીનગર અને ગુડાને ૮ કામ માટે ૬૬.૫૯ કરોડ તો સુરત મહાનગર ૨૫૨ કામો માટે ૩૬૯ કરોડ અને વડોદરા મહાનગરના ૧૬૪ કામો માટે ૫૬ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આસાથે આઉટગ્રોથ એરીયા ડેવલપમેન્ટ કામો તથા મુખ્યમંત્રી શહેરી સડક યોજના માટે સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

મુખ્યમંત્રીએ સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટનો ધ્યેય સાકાર કરવા આ હેતુસર રાજ્યના ત્રણ મહાનગરોને કુલ ૪૨૪ વિવિધ જનહિતકારી વિકાસ કામો માટે સમગ્રતયા ૪૮૩.૭૧ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. જેમાં ગાંધીનગર અને ગુડાને ૮ કામો માટે રૂ. ૬૬.૯૫ કરો, સુરત મહાનગરને ૨૫૨ કામો માટે રૂ. ૩૬૦.૦૬ કરોડ અને વડોદરા મહાનગરને ૧૬૪ કામો માટે રૂ. ૫૬.૭૦ કરોડ મળી કુલ ૪૮૩.૭૧ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી આ ત્રણ મહાનગરોને આ રૂ.૪૮૩.૭૧ કરોડની રકમ ફાળવી છે. આ સતહે પાટનગર ગાંધીનગરની ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી-ગુડાને ભાઈજીપુરાથી ગિફ્ટસિટી તરફ જતા સિગ્નેચર બ્રિજ સુધીના રોડના કામો માટે ૨૦.૭૪ કરોડ રૂપિયાની ફાળવણીની મુખ્યમંત્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. ગાંધીનગર-કોબા હાઈ-વે ને ગિફ્ટસિટી સાથે જોડતા આ મુખ્ય માર્ગની બેય તરફ વિવિધ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ કાર્યરત છે. આ રોડના ડેવલપમેન્ટ તેમજ બ્યુટિફિકેશન હેતુસર સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ખાસ કિસ્સામાં ૨૦.૭૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ તરફ આગામી વાઈબ્રન્ટ સમિટ-૨૦૨૪ ગાંધીનગરમાં યોજાવાની છે ત્યારે મુખ્ય માર્ગોની બાજુમાં ફુટપાથ, લેન્ડ સ્કેપિંગ, ૩ ઓવરબ્રિજ અને ૨ અંડરપાસનું થીમ બેઈઝ્ડ પેઈન્ટિંગ અને આર્ટ વર્ક સહિતના પાંચ જેટલા આંતરમાળખાકીય વિકાસ કામો રૂ. ૩૫.૫૦ કરોડના ખર્ચે હાથ ધરવાની પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. આ કામો ઉપરાંત મુખ્યમંત્રીએ ગાંધીનગર મહા નગરપાલિકાના આઉટગ્રોથ વિસ્તાર વિકાસ કામો માટેની બે દરખાસ્તો જેમાં રક્ષાશક્તિ સર્કલ થી કોબા સર્કલના રોડનું બ્યુટિફિકેશન એન્ડદ લેન્ડ સ્કેપિંગ અને મહાનગરપાલિકામાં સમાવાયેલા ગામોમાં નવા સિમેન્ટ કોંક્રીટ રોડ બનાવવા ૧૦.૭૦ કરોડ રૂપિયા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ફાળવવાની મંજૂરી આપી છે.આ તરફ ભૂપેન્દ્ર પટેલે સુરત અને વડોદરા મહાનગરપાલિકાઓને પણ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે વિકાસકામો માટે રકમ ફાળવી છે. સુરતમાં સેન્ટ્રલ ઝોનમાં નાનપુરા અને નોર્થ ઝોનમાં કતાર ગામ વિસ્તારોમાં ઓડિટોરિયમ નિર્માણના ૨ કામો માટે ૧૪૫ કરોડ રૂપિયા ફાળવવા સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ ઉપરાંત આઉટગ્રોથ વિસ્તાર વિકાસ કામો અન્વટયે ફિઝિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટીઝના ૨૧ કામો, સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસેલિટીઝના ૧૯ કામો અને અર્બન મોબિલિટીના બે કામો એમ ૭૫ કામો માટે ૧૫૧.૨૫ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવાની ભૂપેન્દ્ર પટેલે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરા મહાનગરપાલિકાને આઉટગ્રોથ વિસ્તારોમાં પાણી પુરવઠો, વરસાદી ગટરના કામો, ડ્રેનેજ તથા રોડના કામો, પેવર બ્લોક કામો જેવા કૂલ ૧૬૪ કામો માટે રૂ. ૫૬.૭૦ કરોડની ફાળવણી માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

### રામ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ પહેલા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો

# અમદાવાદથી અયોધ્યા માટે ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ થશે

અમદાવાદ, તા.૧૪

૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ અયોધ્યામાં રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ છે. રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાને લઈને દેશ ભરમાં ખૂબ જ ઉત્સાહનો માહોલ છે. પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમને ધ્યાનમાં રાખીને રામ મંદિરના પ્રથમ માળનું કામ પૂર જોશમાં ચાલી રહ્યું છે. દેશભરમાંથી લોકો આ કાર્યક્રમમાં ભાગ લેવા જશે. ગુજરાતથી પણ લોકો જવાની શકયતા છે. ત્યારે તેમને ખૂબ જ મોટી સુવિધા મળવા જઈ રહી છે. અયોધ્યામાં રામ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ પહેલા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રામમંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા પહેલા અમદાવાદથી અયોધ્યા માટે ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ થશે. અમદાવાદથી અયોધ્યા માટે સપ્તાહમાં ત્રણ ફ્લાઈટ રહેશે. ૧૧ જાન્યુઆરીથી ફ્લાઈટ શરૂ થવાની છે. આ સુવિધા મળવાથી માત્ર ૧ કલાક ૫૦ મિનિટમાં જ અયોધ્યા પહોંચાશે.આ ફ્લાઈટની વધુ વિગતની વાત કરીએ તો મંગળવાર, ગુરૂવાર અને શનિવારે સવારે ૯.૧૦ વાગ્યે ફ્લાઈટ અયોધ્યા જશે. અયોધ્યાથી અમદાવાદ પરત આવવાની ફ્લાઈટ ૧૧.૩૦ વાગ્યે રહેશે. મહત્વનું છે કે પ્રાણ પ્રતિષ્ઠા માટેની શ્રી રામની પ્રતિમાને પર શાનદાર અંદાજમાં તૈયાર કરવામાં આવી રહી છે. આ મૂર્તિઓને મંદિરના ગર્ભગૃહમાં મૂકવામાં આવશે.

ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયે કહ્યું હતું કે રામ જન્મભૂમિ મંદિરમાં ભગવાન રામના પાંચ વર્ષના બાળ સ્વરૂપની ચાર ફૂટ ત્રણ ઈંચની સ્થાયી પથ્થરની પ્રતિમા અયોધ્યામાં ત્રણ સ્થળોએ બનાવવામાં આવી રહી છે.

ત્રણ કારીગરો તેને ત્રણ અલગ અલગ પથ્થરોમાં બનાવી રહ્યા છે. આ પ્રતિમાઓ લગભગ ૯૦ ટકા તૈયાર છે. પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં ઓછામાં ઓછા ૪૦૦૦ સંતો સહિત ૭૦૦૦ હસ્તીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. ૫૦ દેશોમાંથી એક પ્રતિનિધિ આવે તે સુનિશ્ચિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# અમરેલીનાં સારહિ તપોવનનાં પ્રણેતા મુકેશ સંઘાણીએ ગીરધરવાવ વડીલ વાત્સલ્યધામની મુલાકાત લીધી








સેવાની ભાવના અને સંસ્કારોના સિંચન માટે અમરેલીમાં આકાર પામી રહેલ સારહી તપોવન આશ્રમ માટે સારહી યુથ ક્લબના પ્રમુખ અને ભાજપના અગ્રણી મુકેશ સંઘાણીએ સાવરકુંડલા ના મહુવા રોડ ખાતે ગીરધરવાવ વડીલના વાત્સલ્યધામ ખાતે મુલાકાત લઈને જીણવટ ભરી રીતે દરેક બાબતોની સમીક્ષા કરી હતી ગિરધરવાવ વાત્સલ્યધામ ખાતે નિવૃત્ત વૃદ્ધો ની સેવાની ટ્રસ્ટ દ્વારા થતી સેવા ભાવના સાથે એક એક રૂમમાં જઈને રૂમની કન્ડીશન, રેહવાની, જમવાની સુવિધાઓ, ગાર્ડન, મંદિર અને ગાયમાતાની સેવા સહિતની ટ્રસ્ટની કામગીરીઓ ઉડીને આંખે વળગે તેવી જોઈને અભિભૂત થયેલા સારહી યુથ કલબ અમરેલીના પ્રમુખ મુકેશ સંઘાણી વૃદ્ધો માટે આકાર પામી રહેલ સારહી તપોવન આશ્રમ ખાતે વધુ સુદ્રઢ સુવિધાઓ ઉપલબ્ધ થાય તે અંગે સ્પેશ્યલ મુલાકાત લઈને મેનેજમેન્ટની કામગીરીઓ અને વાત્સલ્યધામમાં રહેતા વડીલોની વંદના કરીને મુકેશ સંઘાણી અચંબિત થઈ ગયેલ હતા ૩૧ ડિસેમ્બર ૨૦૨૨ થી સારહી તપોવન આશ્રમનું ભૂમિપૂજન કરીને એક વર્ષમાં ૯૫ ટકા કામગીરીઓ પૂર્ણ કરીને ઉદ્ઘાટન અંગેની થોડાક જ દિવસોમાં સારહી તપોવન આશ્રમ શરૂ થવાનો હોય ત્યારે દરેક સગવડતા સભર આશ્રમ સ્થાપિત કરવાના હેતુને ખરા અર્થમાં સાર્થક સાબિત કરવા કમર કસતા મુકેશ સંઘાણી સંગાથે અમરેલી નગરપાલિકાના પૂર્વ કારોબારી ચેરમેન શેખવાબાપુ, ઋજુલભાઈ ગોંડલીયા, અમરેલી જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ શરદ પંડયા, નાગરીક બેંકના એમ.ડી. પરાગ ત્રિવેદી, ગૌતમ સાવજ સહિતના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા ને અમરેલીમાં આકાર પામી રહેલા સારહી તપોવન આશ્રમના પ્રમુખ મુકેશ સંઘાણીના મોટાભાઈ અને ભાજપના દિગ્ગજ નેતા, ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીની માફક સેવાની સુંદર ભાવના અને અમરેલી અને અમરેલી વાસીઓ માટે કઈક કરી છૂટવાની ભાવના અંગેની મુકેશ સંઘાણીની કદર કરી બિરદાવ્યા હતા.

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલાનાં ધાતરવડી ડેમને

મોશન ઈન્વેસ્ટિગેશન સર્વે ઈન્સ્ટિટયૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ ગાંધીનગર મારફતે કરાવવા લિઝ ધારકને સૂચનાઓ આપવામાં આવી છતાં સર્વે તપાસ કરવા કોઈ કાર્યવાહી નથી કરવામાં આવી. જેથી કાર્યપાલક ઈજનેરના પત્રમાં જણાવ્યુ લિઝમાં થતા બ્લાસ્ટિંગના કારણે ડેમને ગંભીર નુકસાન થતું હતું. આ બાબતને અમરેલી ખાણ ખનીજ વિભાગના અધિકારી સુમિત ચૌહાણ દ્વારા ડેમને નુકસાન અંગે ખુબ ગંભીરતાથી લીધી ઓનલાઈન રોયલ્ટીના એ.ટી.આર. લોક કરી ખાણ કામ બંધ કરાવ્યુ જેના કારણે હવે બ્લાસ્ટિંગ અને ખાણ કામ અહીં બંધ થયું છે. ત્યારે આ મોટા બે ભરડીયા સામે મોટી કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ખાણ ખનીજ વિભાગ દ્વારા ૩ બ્લેક ટ્રેપ ખનિજના ભરડીયા સામે મોટી કાર્યવાહી હાથ ધરી જે પેકી દર્શન નામની ૨ કવોરી (ભરડીયા) આવેલા હતા. અહીં મહાકાય પથરો કાઢવા મોટા પ્રમાણમાં બ્લાસ્ટિંગ દિવસ–રાત કરવામાં આવતું હતું જેના કારણે ધાતવરડી ડેમ ઉપર મોટું સંકટ આવતા ખેડૂતો ઉપર સીધી અસર થાય તેવી સ્થિતિ હતી. રાજય સરકાર સુધી આ મુદ્દો પહોંચ્યો હતો. પ્રથમ વખત ખાણ ખનિજ વિભાગ દ્વારા મોટી કાર્યવાહી કરતા અન્ય લિઝ ધારકોમાં પણ ફફડાટ ફેલાયો છે. અહીં ૩ કવોરી લિઝમાં ૨ કવોરી લિઝ ઉપર લોકમુખે ચર્ચાતી વિગત મુજબ રાજકીય આશીર્વાદ હોવાથી મસમોટા પથરો રાત–દિવસ કાઢવા માટે ગંભીર પ્રકારના બ્લાસ્ટીંગ કરાતા હતા. બીજી તરફ દિગ્ગજોના આશીર્વાદના કારણે સ્થાનિક ખેડૂતો ખૂલીને સામે ન આવતા હતા હોવાનો ગણગણાટ ચાલી રહેલો જાણવા મળેલ. ઉપરાંત રાજકીય લોકોના આશીર્વાદના કારણે સ્થાનિક અધિકારીઓ પણ લાચાર હતા. જોકે અંતે આ ડેમ ઉપર મોટું નુકસાન થવા જઈ રહેલ હતું. આ રજૂઆતો ગાંધીનગર સુધી પહોંચતા હવે એ.ટી.આર. લોક કરી ખાણ કામ બંધ કરાવ્યું છે. ઉપરાંત ૨ વર્ષ પહેલાં તાત્કાલીન કલેકટર ગૌરાંગ મકવાણાએ આ મુદ્દો ખુબ ગંભીરતાથી લીધો હતો અને સ્થળ વિજીટ પણ કરી હતી અને સર્વે કર્યો હતો. અમરેલી ખાણ ખનીજ અધિકારી સુમિત ચૌહાણે કહ્યું ૩ કવોરી લિઝના એ.ટી.આર. લોક કરી ખાણ કામ બંધ કરાવ્યું છે જળસંચય વિભાગ દ્વારા પત્ર પ્રમાણે ડેમને ગંભીર નુકસાન જણાતા બંધ કરી કાર્યવાહી હાથ ધરી છે. રાજુલાનો આ ધાતરવડી ડેમ રાજુલા પંથકનો જીવાદોરી સમાન હોઈ ત્યારે તંત્રએ આ પગલાં ભરેલ હોવાનું જાણવા મળ્યું. ભાક્ષી ગામ નજીક આવેલ ધાતરવડી ડેમ ૧ રાજુલા પંથક માટે જીવાદોરી સમાન છે આખો પાણીથી છલોછલ ભરેલો છે. રાજુલા શહેર, ધારેર, જૂની માંડરડી, ઝાંપોદર, નવી માંડરડી, આસપાસના ગામડાઓને પાણી અહીંથી આવી રહ્યું છે. ત્યારે આ ડેમના કારણે આ વિસ્તારના ગામડાના ખેડૂતો અને રાજુલા શહેરના લોકોને ખુબ ફાયદો છે. પરંતુ બ્લાસ્ટીંગના કારણે ખૂબ મોટું સંકટ હતું અને બંધ થતા ખેડૂતોના હિતમાં મોટો નિર્ણય લેવાતા અનેક લોકોએ ખાનગીમાં ખાણ ખનીજ વિભાગની પ્રશંસા કરાઈ હોવાનું લોકમુખે ચર્ચાઈ રહેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૦૦ | ૧૩૧૦ |
| ૨ | શિંગ મોટી | ૧૧૦૦ | ૧૪૧૬ |
| ૩ | તલ સફેદ | ૨૨૦૦ | ૩૩૬૦ |
| ૪ | તલ કાળા | ૨૦૦૫ | ૩૧૮૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૨૭૦૦ | ૩૮૯૫ |
| ૬ | બાજરો | ૫૧૦ | ૫૧૦ |
| ૭ | જુવાર | ૧૦૭૨ | ૧૦૭૨ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૦૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૮૦ | ૬૨૫ |
| ૧૦ | મગ | ૧૨૨૨ | ૧૫૫૬ |
| ૧૧ | અડદ | ૧૩૮૦ | ૧૬૩૫ |
| ૧૨ | ચણા | ૭૧૫ | ૧૨૦૦ |
| ૧૩ | તુવેર | ૧૪૧૫ | ૧૯૫૧ |
| ૧૪ | કપાસ | ૯૨૫ | ૧૪૬૫ |
| ૧૫ | એરંડા | ૯૩૫ | ૧૧૩૫ |
| ૧૬ | ધાણા | ૧૧૫૦ | ૧૪૧૫ |
| ૧૭ | અજમા | ૧૯૨૫ | ૧૯૨૫ |
| ૧૮ | સોયાબીન | ૮૩૧ | ૯૪૪ |
| ૧૯ | મરચા લાંબા | ૧૩૦૦ | ૩૭૪૦ |

## પાના ૧ ઉપરનું ચાલું બાબરાનાં તાઈવદર ગામે

અને આ બન્નેને સમાજ સ્વીકારશે નહી તેવું માની લઈ બન્નેએ બાબરા તાલુકાનાં તાઈવદર ગામની સીમમાં જ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

આ બનાવની જાણ બાબરા પોલીસને થતાં પીએસઆઈ રાધનપરા પોલીસ ટીમ સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા અને બન્નેના મૃતદેહને પોષ્ટમોર્ટમ માટે બાબરા સરકારી દવાખાને ખસેડવામાં આવેલ છે. જયારે આ બનાવ અંગે આગળની તપાસનો ધમધમાટ શરૂ કરેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી નજીક તરૂણી ઉપર

અમદાવાદ ખાતે આવેલ એક મંદિરમાં ભગવાનની સાક્ષીએ તરૂણીના માથામાં સિંદુર પુરી, મંગળસુત્ર પહેરાવી ગાંધર્વ વિવાહ પણ કરી લીધા હતા. આ અંગેનો કેસ અત્રેની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલની દલીલોને કોર્ટે માન્ય રાખી આરોપીને જીવનનાં અંતિમ શ્વાસ સુધીની જેલની કેદ તથા અલગ અલગ આઈ.પી.સી. કલમ નીચે રૂપિયા ૧,૪૫,૦૦૦ ના દંડની સજા તથા ભોગ બનનાર તરૂણીને રૂપિયા ૮ લાખના વળતર ચુકવાનો હુકમ કર્યો હતો.

આ બનાવમાં અમરેલી શહેરના છેવાડાના વિસ્તારમાં રહેતી એક તરૂણીને અમરેલીના કુંકાવાવ જકાતનાકા પાસે આવેલ સુળીયાટીંબા વિસ્તારમાં રહેતા તેણીના જ કૌટુંબિક ભાઈ આરોપી પરેશ ઉર્ફે પલ્લો આંબાલાલ ઉર્ફે અંબાલાલ ધાધલ (ઉ.વ.૨૦) એ પોતાની જ કૌટુંબક બહેન સગીરવયની હોવાનું જાણવા છતાં તરૂણીના સ્કૂલના રસ્તામાં અવાર નવાર બેસી એકીટશે તેણી સામે જોયાં કરી, તેણીને પ્રેમ સંબંધ રાખવાનું કહેડાવી તથા લગ્ન કરવાની લાલચ બતાવી, સારા સારા સ્વપ્ના બતાવી તરૂણીને પ્રેમજાળમાં ફસાવી પોતાને જાતીય સુખ મેળવવા અને તેણી સાથે બદકામ કરવાના ઈરાદે અઢી વર્ષ પહેલાં એટલે કે ગત તા.૫/૨/૨૦૨૧ના બે માસ પહેલાં રાત્રીના સવા બે વાગ્યાના સમયે મળવા માટે બોલાવી પોતાના હવાલા વાળા મોટર સાયકલ ઉપર બેસાડી અમરેલી કુંકાવાવ રોડ ઉપર જગુપુલ પાસે, ઠેબી નદીને અડીને આવેલ ઝાડી ઝાંખરામાં અવાવરૂ જગ્યાએ લઈ જઈ તેણીની ઈચ્છા વિરૂધ્ધ આરોપી કૌટુંબિક ભાઈએ તરૂણી ઉપર બે વખત બળાત્કાર તથા સૃષ્ટી વિરૂધ્ધનું કુત્ય કરેલ હતું.

બાદમાં તરૂણીના માતા – પિતામાંના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જઈ અમરેલીથી અમદાવાદ લઈ જતા રસ્તામાં બસ ઉભી રહેલ ત્યારે પણ રસ્તામાં તરૂણી સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કુત્ય કરેલ હતું. અને આ ભોગ બનનાર તરૂણી પોતાની કૌટુંબિક બહેન થતી હોવાનું જાણવા છતાં પણ આરોપીએ અમદાવાદ ખાતે લાંભા મુકામે આવેલ એક મંદિરમાં ભગવાનની સાક્ષીએ તરૂણીના માથામાં સિંદુર પુરી, મંગળસુત્ર પહેરાવી ગાંધર્વ વિવાહ પણ કરી લીધા હતા.

આ અંગેનો કેસઅત્રેની ત્રીજા એડી. ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ તથા સ્પે.પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ જે.બી.રાજગોરની દલીલોને કોર્ટે માન્ય રાખી સ્પે.જજ યોગેશકુમાર એ. ભાવસારે આરોપી પરેશ ઉર્ફે પલ્લો આંબાલાલ ઉર્ફે અંબાલાલ ધાધલને જીવનનાં અંતિમ શ્વાસ સુધીની જેલની કેદ તથા અલગ અલગ આઈ.પી.સી. કલમ નીચે રૂપિયા ૧,૪૫,૦૦૦ ના દંડની સજા તથા ભોગ બનનાર તરૂણીને રૂપિયા ૮ લાખના વળતર ચુકવાનો હુકમ કર્યો હતો.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૧ | ૧૩૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૪૧ |
| ૩ | તલ સફેદ | ૨૭૦૦ | ૩૧૦૦ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૧૫૦ |
| ૫ | જીરૂ | – | ૭૦૦૧ |
| ૬ | કપાસ | ૧૨૫૦ | ૧૪૪૯ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૮૬ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૨૬ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૫૦૫ |
| ૧૦ | જુવાર | ૭૦૦ | ૧૦૯૬ |
| ૧૧ | અડદ | ૯૦૦ | ૧૪૫૦ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૧૬૦ |
| ૧૩ | તુવેર | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ૧૪ | મેથી | ૮૫૦ | ૧૧૦૦ |
| ૧૫ | ધાણા | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ૧૬ | સોયાબીન | ૮૫૦ | ૯૪૪ |

## પાના ૮ ઉપરનું ચાલું ધારીનાં પ્રેમપરામાં રહેતા

વર્ષિયયુવકે જીંદગીથી કંટાળી જઈ પોતે પોતાની મેળે ઝેરી દવા પી લઈ આપઘાત કરી લીધો હતો.

ધારીના પ્રેમપરામાં રહેતા અને અગાઉ હીરાનું કામ કરતાં અને હાલમાં હીરા કામમાં મંદી આવી જતાં અને નાછુટકે હાલમાં છુટક મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા અશોકભાઈ બાવકુભાઈ જેબલીયા નામના ૨૨ વર્ષિય યુવકને મનમાં લાગી આવતા અને જીંદગીથી કંટાળી જઈ પોતે પોતાની મેળે ગત તા.૧૩ ના આશરે સાડા પાંચેક વાગ્યે ધારીના પ્રેમપરા ખાતે ઝેરી દવા પી જતા તેમનું મોત થયાનું ધારી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૪૪ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૩૫ | ૧૦૬૯ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૧ | ૧૪૭૫ |
| ૨ | મગફળી | ૧૦૫૧ | ૧૪૦૧ |
| ૩ | જુવાર સફેદ | ૧૧૭૫ | ૧૩૩૧ |
| ૪ | જુવાર પીળી | ૬૦૦ | ૬૦૦ |
| ૫ | સોયાબીન | ૮૮૦ | ૯૦૦ |
| ૬ | રાય | ૧૦૯૦ | ૧૦૯૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૪૦ | ૧૫૦૦ |
| ૨ | મગફળી | ૧૨૫૦ | ૧૩૬૦ |
| ૩ | તલ સફેદ | ૨૬૮૦ | ૩૦૩૦ |
| ૪ | ઘઉં | ૪૮૫ | ૫૭૫ |
| ૫ | ચણા | ૯૭૦ | ૧૧૨૦ |
| ૬ | સોયાબીન | ૯૧૦ | ૯૨૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૪૮૪ |
| ૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ૩ | ધાણા | ૮૫૦ | ૧૪૧૦ |
| ૪ | સોયાબીન | ૮૪૫ | ૯૨૨ |
| ૫ | તલ સફેદ | ૨૬૪૦ | ૩૪૦૦ |
| ૬ | મગફળી | ૯૨૦ | ૧૪૦૪ |
| ૭ | જુવાર | ૯૬૫ | ૯૬૫ |
| ૮ | ઘઉં લોકવન | ૫૧૦ | ૫૭૦ |
| ૯ | મગ | ૧૧૫૫ | ૧૪૨૦ |
| ૧૦ | ચણા સફેદ | ૧૧૨૫ | ૧૨૪૦ |
| ૧૧ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| ૧૨ | બાજરો | ૫૦૪ | ૫૦૪ |
| ૧૩ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૪ | રાય | ૧૧૫૫ | ૧૧૫૫ |
| ૧૫ | અડદ | ૧૧૫૫ | ૧૮૭૨ |

## ધારીને ફાયર ફાઈટરની સુવિધા આપો : બજરંગ ગૃપ

અમરેલી, તા. ૧૪

ધારી બજરંગ ગૃપના પ્રમુખએ ધારી– બગસરા– ચલાલાના ધારાસભ્ય જે.વી. કાકડીયાને લેખીત પત્ર પાઠવી જણાવ્યું છે કે, ધારીની સ્થાનિક ગ્રામ પંચાયત કચેરી પાસે ફાયર ફાઈટર ન હોવાથી ધારી સહિતના આજુબાજુના ગ્રામ્ય પંથકમાં આગજનીના બનાવના સમયે બને એટલે ચલાલા તેમજ બગસરા નગર પાલિકા પાસેથી ફાયર ફાઈટરની મદદ માંગવી પડે છે. જેથી આગના બનાવ વખતે ફાયર ફાઈટરને બનાવ સ્થળે પહોંચવા તેમજ આગને કાબુમાં લેવાં માટે ખાસો સમય લાગે છે. જેના કારણે પીડિતોએ અતિશય મુશ્કેલી અને નુકસાની વેઠવી પડે છે. તાજેતરમાં જ ધારીના પ્રેમપરા ખાતે એક ભંગારના ડેલામાં ત્યાં આગ લાગી હતી જેમાં તમને ભારે નુકસાન થયું હતું. જો આ સમયે ધારીમાં જ ફાયર ફાઈટર ઉપલબ્ધ હોત તો આ વેપારીને આગ ઉપર કાબુ મેળવવામાં રાહત મળી હોત. ધારીના લોકોની છેલ્લા ઘણાં વર્ષ જૂની ફાયર ફાઈટરની માંગણી છે. જેને સંતોષી આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે.

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલામાં માર્કેટયાર્ડ અને વેપારીઓ

અશોભનીય જવાબ આપવા અંગેની ફરિયાદ મળેલી હતી. જે અન્વયે યાર્ડ દ્વારા બજારધારાના નિયમાનુસાર કાર્યવાહી કરી લાયસન્સ રદ કરવાની ને ૫ દિવસમાં ખુલાસો કરવા અંગે નોટીસ પાઠવતા સાવરકુંડલા વેપારી મહામંડળ દ્વારા રાધારમણ ટ્રેડિંગને જાણ કર્યા વગર જે નોટીસ આપવામાં આવી છે તેના વિરોધમાં ૧૫ ડિસેમ્બરથી તમામ જણસીઓની ખરીદી અચોકકસ મુદત સુધી બંધ રાખવાનો સામો પત્ર યાર્ડને પાઠવી દેતા આવતીકાલે જાહેર હરરાજી થશે કે કેમ તેને લઈને ખેડૂતો મુંજવણમાં મુકાઈ ગયા છે ને યાર્ડમાં સત્તાધીશ શાસકોને વેપારી મહામંડળ સામુ આવતા ખેડૂતો પણ ખેત જણસો લઈને આવે તેનું શું થશે તે અંગે પણ આવતીકાલે સવારે વાતાવરણ તંગ બને તેવા સમીકરણો કમૂર્તા સાથે યાર્ડમાં પણ કમૂર્તા જોવા મળશે ને વેપારીઓ અને યાર્ડ સંચાલકોની સામસામી નોટીસથી ખેડૂતોની માઠી દશા થવાનાં એંધાણો હાલ સર્જાયા છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૪૭૦ |
| ૨ | મગફળી | ૧૦૦૧ | ૧૩૧૧ |
| ૩ | ઘઉં | ૫૦૨ | ૫૫૧ |
| ૪ | ચણા | ૯૫૧ | ૯૫૧ |
| ૫ | સોયાબીન | ૭૫૦ | ૭૫૦ |
| ૬ | મેથી | ૧૧૨૦ | ૧૧૨૦ |
| ૭ | ધાણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૮ | શીંગદાણા | ૧૫૦૧ | ૧૫૦૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૫૦ | ૧૪૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૬૨૭ | ૨૭૫૪ |
| ૩ | કપાસ | ૧૧૦૦ | ૧૫૦૧ |
| ૪ | બાજરો | ૪૭૦ | ૫૧૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૭૯ |
| ૬ | જુવાર | ૭૪૦ | ૧૨૭૮ |
| ૭ | મગ | ૧૬૦૦ | ૨૪૨૬ |
| ૮ | મઠ | ૧૩૦૧ | ૧૬૦૦ |
| ૯ | અડદ | ૧૬૦૦ | ૨૧૦૦ |
| ૧૦ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | ચણા | ૯૩૦ | ૧૩૨૭ |
| ૧૨ | જીરૂ | ૭૮૦૦ | ૭૮૦૦ |
| ૧૩ | સોયાબીન | ૮૦૦ | ૯૧૧ |

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૬૧ મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ કેમ્પ યોજાયો



ચલાલા – અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૬૧ મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ જેમા શ્રી રણછોડદાસજીબાપુ, ચેરીટેબલ હોસ્પિટલ, જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, સંયુકત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ મંગલ દિપનાં પ્રાગટયથી થયો હતો. આ પ્રસંગે સંસ્થાનાં વડા પૂ. રતિદાદા તથા ડોકટરઓ દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. શ્રી રતિદાદાએ બધાને સારૂ થઈ જાય પછી બીજાનું ભલુ કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી. સાથે વ્યસન મુકત રહેવું, સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી–મળીને રહેવું. ડો.રાજન હીનાર ચીમનલાલ અનીલાબેન રોહન માયા પાવ જયેશ ડો.રાખી જયા રાની ઠાકર – યુ. કે.ડો.રાજનના ૫૦ માં જન્મદિવસ નિમિતે આર્થિક સહયોગથી શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્ટિલ– રાજકોટ અને જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીનાં સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખના દર્દીઓની ચકાસણી કરવામાં આવી હતી. જે પૈકી ૫૦ દર્દીઓને શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. દંતયજ્ઞમાં ડો.અવનીબેન દ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પુરી આપવામાં આવી હતી. દિકરીઓ માટે હરિબા મહિલા આર્ટસ, કોમર્સ, બી.સી.એ.અને સ્પોર્ટસ કોલેજ ચાલુ છે જેનું પ્રવેશ કાર્ય શરૂ છે. આ કાર્યકંમને સફળ બનાવવા મહેશભાઈ, મંજુબા તથા શિતલબેન વગેરેએ ખુબ જહેમત ઉઠાવી હતી. તા.૧૮/૨/૨૦૨૪ ના રોજ સમુહ લગ્ન છે તેનું નોંધણી કાર્ય શરૂ છે.

### ફેબ્રુઆરીમાં રામદાસની પાવન ભૂમિ ઉપર થશે ખાતમુર્હુત વિધિ

## વાંકાનેર નજીક નિર્માણાધિન રામધામ (જાલીડા) ખાતે સમસ્ત રઘુવંશી સમાજની બેઠક યોજાઈ

### મોરબી લોહાણા સમાજ દ્વારા રૂપિયા ૧૧ કરોડનાં દાનની જાહેરાત

અમરેલી, તા.૧૪
(લિતેશ ચંદારાણા)

વાંકાનેર – થોટીલા બાઉન્ડ્રી પાસે આકાર લઈ રહેલ અને સમગ્ર વિશ્વમાં વસતા સમસ્ત રઘુવંશી સમાજનું નિર્માણાધીન રામધામમાં આગામી તા.૧૬/૨ થી ૧૯/૨ ચાર દિવસ શ્રી રામધામની પાવનભૂમિ પર ૧૦૮ કુંડી શ્રીરામ મહાયજ્ઞ, ખાતમુહૂર્ત, મહાપ્રસાદ સહિત અનેકવિધ કાર્યક્રમો ઘડી કાઢવા શ્રીરામધામનાં સ્વપ્નદ્રષ્ટા અને એકમાત્ર રઘુવંશી ધારાસભ્ય જીતુભાઈ સોમાણીનાં અધ્યક્ષસ્થાને સમગ્ર સૌરાષ્ટ્ર–ગુજરાત રઘુવંશીઓની ઉપસ્થિતિમાં મીટીંગ યોજાઈ હતી.

પ્રારંભે પુજન ગુરૂદેવના પ્રિયપાત્ર શ્રી હનુમાન ચાલીસાનાં પાઠ કરી મીટીંગનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

ઉપરોકત કાર્યક્રમમાં દરેક રઘુવંશી સમાજનાં અગ્રણીઓ અને રાજકોટમાં કોર્પોરેશનમાં દંડક તરીકે સેવા આપતા મનીષભાઈ રાડીયાએ આ રામધામના ભગીરથ કાર્યમાં તન, મન, ધનથી સાથે રહી સમગ્ર વિશ્વમાં સૌથી વધુ વસતિ ધરાવતું રાજકોટ રઘુવંશી સમાજ આ એકતા, શ્રધ્ધા અને શકિતના પ્રતિકસમાં બનતું શ્રી રામધામમાંન બધુ જ કરી છુટયા અને ઝડપથી નિર્માણ કાર્ય પુર્ણ થાય તેવું વકતવ્યમાં જણાવ્યું હતું.

ત્યારબાદ રાજકોટ લોહાણા મહાજનનાં પુર્વ પ્રમુખ કાશ્મીરાબેન નથવાણી પુર્ણ રાજકોટમાંથી બધુ જ ઘટતું કરી વિવિધ સથળોએ મીટીંગ યોજી અને નિર્માણાધીન રામધામ માટે પ્રચાર અને પ્રસાર માટે ઘટતું કરવા માટે બધુ કરી છુટવા વચનબધ્ધ રહેલ.

આ ઉપરાંત વાંકાનેરમાંથી પણ રામધામ કમીટી વતી શ્રી રામધામનાં સ્વપ્નદ્રષ્ટા ધારાસભ્ય જીતુભાઈ સોમાણીએ ૧૬/૨/૨૪ પહેલા ચાર કરોડ (૪ કરોડ) પુર્ણ કરી આપવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યાં ઉપસ્થિત રઘુવંશી યુવા કાંતિ મંચનાં કે.ડી.ઉપસ્થિત રહી તેમણે પણ આગામી તા.૧૬/૨/૨૪ ના કાર્યક્રમ માટે રાજકોટના યુવાનોની મીટીંગ કરી તન,મન,ધનથી કાર્યક્રમને સફળ બનાવવાની જાહેરાત કરી હતી.



શ્રી રામધામ ખાતે આગામી તા.૧૬/૨/૨૪ ના રોજ શરૂ થતા ૧૦૮ કુંડી શ્રી રામ મહાયજ્ઞનાં પ્રથમ મુખ્ય યજમાન તરીકે વાંકાનેરના ગણવંતરાય ત્રિભોવનરાય જોબનપુરા પરિવારનાં વિપુલભાઈએ ૨,૫૧,૦૦૦ ભરી ઈચ્છા દર્શાવી હતી. આ ઉપરાંત ૧૬ યજમાનોએ ૧૦૮૦૦ ભરી યજ્ઞમાં બેસવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત બાકી ૯૧ યજમાનોએ ૨૭ હજાર ભરવાનું નકકી કરવામાં આવેલ છે. જેમાં ૯૧ મકાંધી પણ ૧૯ યજમાનોની નોંધણી સ્થળ પર કરવામાં આવી હતી.

બાકીના યજમાન સૌરાષ્ટ્ર ગુજરાતના દરેક લોહાણા મહાજન દીઠ નકકી થશે જેના ફોર્મ દરેક મહાજનોને મોકલી આપવામાં આવશે. ઉપરોકત કાર્યક્રમનાં સુંદર આયોજન માટે રાજકોટથી મનિષભાઈ રાડીયા (દંડક), રાજકોટ લોહાણા મહાજનના પુર્વ પ્રમુખ કાશ્મીરાબેન નથવાણી, પુર્વ મેયર જનકભાઈ કોટક, પ્રતાપભાઈ કોટક, શાંતુભાઈ રૂપારેલીયા, પરેશભાઈ વિઠલાણી, અશોકભાઈ મીરાણી, મેહુલભાઈ નથવાણી, મોરબીથી જાણીતા ઉદ્યોગપતિ જગદીશભાઈ સેતા, અશ્વિનભાઈ કોટક, જનકભાઈ હીરાણી, પરેશભાઈ કાનાબાર, ગીરીશભાઈ ઘેલાણી, આનંદભાઈ સેતા, હળવદથી બકાભાઈ ઠક્કર તેમની ટીમ સાથે ઉપસ્થિત રહયા હતા. તથા જેતપુરથી ચોટાઈ તથા મહાજન અગ્રણીઓ, જસદણથી રઘુવંશી મહિલા અગ્રણી સોનલબેન વસાણી, ભોલાભાઈ તથા આટકોટ રી વિરબાઈમાં ધામથી વિજયભાઈ વસાણી, અમરેલીથી સોઢ ાભાઈ, ચોટીલાથી મુકેશભાઈ ખખ્ખર, નવિનભાઈ પુજારા, કુવાડવાથી પરમાનંદભાઈ તથા તેમની ટીમ તથા ટંકારાથી રીતેષભાઈ કકકડ, ભાવિનભાઈ સેજપાલ, વાંકાનેરથી અંધ અપંગ ગૌ આશ્રમ ટ્રસ્ટનાં બટુકભાઈ બુધ્ધદેવ, સદગુરૂ આનંદ આશ્રમ ટ્રસ્ટનાં મહેશભાઈ રાજવીર, શ્યામ ધુન મંડળનાં જગદીશભાઈ રાજવીર, જગદીશભાઈ કોટેચા, ઉપરાંત રામધામનાં ટ્રસ્ટી હસુભાઈ ભગદેવ, ગીરીશભાઈ કાનાબાર, ભીખાલાલ પાઉ સહિતનાં વિવિધ ગામેથી બહોળી સંખ્યામાં રઘુવંશી ભાઈઓ–બહેનો ઉપસ્થિત રહયા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા પરેશભાઈ કાનાબાર, આનંદભાઈ સેતા, નિલેશભાઈ દલાલ, જીતુભાઈ પુજારા, હર્ષિતભાઈ સોમાણી ( શ્રી રામધામના આર્ટિટેક) અશ્વિનભાઈ કોટક, અમિતભાઈ સેજપાલ, રાજભાઈ સોમાણી સહિતનાં લોકોએ ભારે જહેમત ઉઠાવી હતી. અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન રામધામના પાયાનાં કાર્યકર અને રઘુવંશી શ્રેષ્ઠી વિનુભાઈ કટારીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## સા.કુંડલા : રાજુભાઈ શીગાળાની નવી ઓફિસની મુલાકાત લેતા જીલ્લા ચેમ્બરનાં હોદ્દેદારો



સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલામાં બહોળી નામના ધરાવતા અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના મહામંત્રી અને સાવરકુંડલા વેપારી મહામંડળનાં કાર્યકારી પ્રમુખ રાજુભાઈ શીંગાળાની નવી ઓફિસની મુલાકાત લેતા અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ મુન્નાભાઈ મલકાન, ઉપપ્રમુખ મુકેશભાઈ રૂપારેલીયા અને ઉપપ્રમુખ ભાવેશભાઈ સોઢા સહિતે રાજુભાઈ શીંગાળાની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

## જસદણ : સરદાર પટેલની પુણ્યતિથિએ શબ્દાંજલિ પાઠવતા રૂપારેલિયા દંપતિ



જસદણ, તા.૧૪

લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની આજે પુણ્યતિથિ નિમિતે જસદણ ભાજપના આગેવાન અલ્પેશભાઈ રૂપારેલિયા અને એમનાં જીવનસાથી જસદણ નગરપાલિકા પુર્વ પ્રમુખ અનિતાબેન રૂપારેલિયાએ શબ્દાંજલિ પાઠવતાં જણાવ્યું હતું કે સરદાર વલ્લભભાઈ પટેલએ જે દેશ માટે લોકહિતના કામો કર્યા હતાં તે ઈતિહાસમાં નોંધનીય રહેશે અનેક વાર બ્રિટિશ સરકાર સામે વિવિધ લડત ચલાવી સરકારને ઉખેડી નાખી હતી જેલવાસ ભોગવ્યો પણ જબરી લડત ચલાવી જે આવનારી પેઢીને પણ નહી ભુલાય ખાસ કરીને તેમણે અખંડ ભારતનું નિર્માણ કરી તેમની રાજનીતિક ક્ષમતા દેખાડી તે થકી દેશમાં હજું પણ વિકાસ થઈ રહ્યોછે છેલ્લે જણાવ્યું હતું કે ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ની સાલમાં અવસાન પામેલા સરદાર વલ્લભભાઈ પટેલને તેમની પુણ્યતિથિ નિમિત્તે કોટી કોટી વંદન પાઠવીએ છીએ.

## સૂર્યનમસ્કાર સ્પર્ધકો માટે તા. ૧૬ ડિસેમ્બર સુધી તાલીમ યોજાશે

અમરેલી, તા. ૧૪

ગુજરાત રાજય સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વિભાગ ગાંધીનગર અંતર્ગત ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા આયોજિત સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. યોગ એ વધુમાં વધુ લોકો સુધી પહોંચે અને લોકોમાં જાગૃતિ આવે અને બહોળા પ્રમાણમાં યોગનો પ્રચાર–પ્રસાર થાય તે માટે આ સ્પર્ધા યોજાશે. ઈચ્છુક ઉમેદવારો લીંક http://snc.gsyb.in મારફત રજિસ્ટ્રેશન કરી શકે છે. આ સ્પર્ધા ગ્રામ્યથી લઈને રાજયકક્ષા સુધી યોજાશે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં વિવિધ રીતે આ સ્પર્ધા યોજવામાં આવશે. આ સ્પર્ધામાં અ–કેટેગરીમાં ૦૯ થી ૧૮ વર્ષ, બ–કેટેગરીમાં ૧૯ થી ૪૦ વર્ષ, અને ક–કેટેગરીમાં ૪૧થી વધુની વય એમ તબક્કાવાર સ્પર્ધા યોજાશે. શાળા અને કોલેજોના ખેલાડીઓ તેમજ જિલ્લા નાગરિકોને સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં ભાગ લેવા અનુરોધ છે. સૂર્યનમસ્કાર સ્પર્ધકો માટે એકસપર્ટ કોચ દ્વારા વિનામુલ્યે તા. ૧૪ થી તા.૧૬ ડિસેમ્બર,૨૦૨૩ સુધી તાલીમનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ તાલીમમાં તમામ સ્પર્ધકો જોડાઈને લાભ લઈ શકે છે. વધુ માહિતી માટે જિલ્લા રમત ગમત અધિકારી, જિલ્લા રમત વિકાસ અધિકારી કચેરી, ચિતલ રોડ, ગોળ દવાખાનાની બાજુમાં, અમરેલી પિન કોડ ૩૬૫૬૦૧ ના નંબર (૦૨૭૯૨) ૨૨૧૯૬૧ પર સંપર્ક કરવા ઉપરાંત યોગા મેટ સાથે લાવવા જિલ્લા રમત ગમત અધિકારી,અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## જાફરાબાદમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ

જાફરાબાદ, તા. ૧૪

જાફરાબાદ શહેરમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા નો પ્રારંભ કરવામાં આવ્યો. જેમાં જાફરાબાદના મામલતદાર મહેતા, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, નગરપાલિકાના ચીફ ઓફિસર ભટ્ટ, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ભગુભાઈ સોલંકી, ખારવા સમાજના પટેલ કનૈયાલાલ સોલંકી, તુર્કી સમાજના હનીફભાઈ પટેલ, ન્યાઝભાઈ, ડો.શકિલ ભટ્ટી, કમલેશભાઈ, એડવોકેટ બાલકૃષ્ણ સોલંકી, નગરપાલિકા કોમ્પ્યુટર હોલ ખાતે કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં આંગણવાડીની બહેનો સાથે તમામ સમાજના આગેવાનો, ભાઈઓ તેમજ બહેનો, વેપારી ભાઈઓ હાજર રહ્યા હતા. જે યાત્રા દરમિયાન જે કેન્દ્ર સરકાર તેમજ ગુજરાત સરકાર દ્વારા જરૂરિયાતમંદ તમામ લાભાર્થીઓને ગેસના બાટલાની સાથે ચૂલો તેમજ પ્રેગનેંસી કીટ પણ વિતરણ કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યા લાભાર્થી ભાગ લીધો હતો. કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકાર કામોની ડિસ્પ્લે દ્વારા લોકોને જાગૃતતા તેમજ સરકારોની યોજનાનો લાભ અંગે પણ મહિતગાર કરેલ. સાથે કીટ વિતરણ લાભાર્થીઓને કરવામાં આવ્યું હતું. નગરપાલિકા તમામ સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવી કાર્યક્રમને ખુબ જ સફળ બનાવેલ.





### ભાજપા કોષાધ્યક્ષની રજૂઆત સફળ રહી

## સા.કુંડલાનાં ગ્રામ્ય વિસ્તારોમાં જાતિનાં દાખલા, આવકનાં દાખલા માટે ઓનલાઈન અરજી કરી શકાશે

### સાંસદ અને ધારાસભ્યની કામગીરીની પ્રસંશા

સાવરકુંડલા, તા. ૧૪

વાઈબ્રન્ટ અને ડિજીટલ ગુજરાતમાં અરજદાર પોતે ઘર બેઠા કોઈપણ પ્રકારના પ્રમાણપત્ર જેમ કે, આવક, જાતી, નોનક્રિમીલેયર, ડોમીસાઈલ, ઈડબ્લ્યુએસ, બિનઅનામત વગેરે જેવા પ્રમાણપત્રો માટે ડિઝીટલ ગુજરાતની વેબસાઈટ પર ઘર બેઠા અરજી કરી શકે છે.

પરંતુ સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારના અરજદારોને ઉપરોકત પૈકી દાખલાઓ મેળવવા માટે ઓનલાઈન ઓપ્શન ચાલુ ન હતા. જેના અનુસંધાને સાવરકુંડલા શહેર ભાજપા કોષાધ્યક્ષ જતીન મૈસુરીયાએ તા.૨૧–૦૭–૨૦૨૩ના રોજ તકનિકી મદદનીશ એન.આઈ.સી ઓફીસ, કલેકટરની કચેરી, ઓનલાઈન ઓપ્શન ચાલુ કરાવવા માટે રજૂઆત કરેલ અને તેમની નકલ સાંસદ, ધારાસભ્ય તથા ડી.ડી.ઓ.ને આપેલ જે રજૂઆતના અનુસંધાને સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારમાં ઓનલાઈન ઓપ્શન ચાલુ થઈ ગયેલ છે. આ ઓનલાઈન ઓપ્શન ચાલુ થવાથી સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારનાં લોકોને જાતીના દાખલા, નોનક્રિમિલેયર, આવકના દાખલા, ઈડબ્લ્યુએસ, બિનઅનામત ના દાખલા કોઈ પણ ક્ષેત્રેથી જે સાવરકુંડલાના વતની છે અને બહાર સુરત, અમદાવાદ રહે છે તેઓ પોતે પોતાના મોબાઈલમાંથી ડીજીટલ ગુજરાતની વેબસાઈટ પરથી ફોર્મ ભરીને ઘર બેઠા દાખલા મેળવી શકશે.

## ડુંગળીના પૂરતા ભાવ ન મળતા ગોંડલમાં ખેડૂતોનો આક્રોશ

ગોંડલ, તા.૧૪

ભારત સરકાર દ્વાર ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે. આ નિકાસ પ્રતિબંધને કારણે ડુંગળીના ભાવ સાવ તળિયે પહોંચી ગયા છે. જેના કારણે ખેડૂતોને ડુંગળી પકવવા માટે ખર્ચ કાઢવો પણ મુશ્કેલ થઈ રહ્યો છે. ડુંગળીના ભાવ ન મળતા સૌરાષ્ટ્રના સૌથી મોટા ગોંડલ માર્કેટ યાર્ડના ખેડૂતોએ ચક્કાજામ કર્યો છે. ખેડૂતોએ ડુંગળી રસ્તા પર ઠાલવીને વિરોધ નોંધાવ્યો હતો. ખેડૂતો દ્વારા રસ્તા પર ચક્કા જામ કરતાં ગોંડલ જૂનાગઢ નેશનલ હાઈવે પર ટ્રાફિક જામ જોવા મળી રહ્યો છે. મોટી સંખ્યામાં ખેડૂતો રસ્તા પર ઉતર્યા છે. ખેડૂતોને ડુંગળીનો પૂરતો ભાવ ન મળતા આ વિરોધ કરવામાં આવી રહ્યો છે. નેશનલ હાઈવે પર ચારે બાજુ રસ્તા પર ડુંગળીને ખેડૂતો પોતાનો વિરોધ નોંધાવી રહ્યા છે.

# અમરેલી : નેહરૂ યુવા સંગઠન ગુજરાત દ્વારા રાજય સ્તરીય યુવા ઉત્સવનું આયોજન થયું



ભારત સરકાર અને યુવા કાર્યક્રમ એવમ ખેલ મંત્રાલય અંતર્ગત નેહરૂ યુવા કેન્દ્ર સંગઠન,ગુજરાત દ્વારા તારીખ ૧૦–૧૨–૨૦૨૩ થી ૧૧–૧૨–૨૦૨૩ ના રોજ રાજય સ્તરીય યુવા ઉત્સવ નું આયોજન શ્રી મોઢેરી મોદી સમાજ ભવન, પેથાપુર ગાંધીનગર ખાતે કરવામાં આવ્યુંહતું. જેમાં જિલ્લા સ્તરીય વિજેતાઓને રાજય સ્તર પર ભાગ લેવાનો અવસર પ્રાપ્ત થયો. કાર્યક્રમમાં વિવિધ સ્પર્ધા જેવી કે ચિત્રકળા, મોબાઈલ ફોટોગ્રાફી, કાવ્ય લેખન, વકૃત્વ સ્પર્ધા, સાંસ્કુતિક કાર્યક્રમ અમૃતકાળનાં પંચપ્રાણની થીમ પર આયોજન કરવામાં આવ્યું હતું. રાજય સ્તરીય યુવા ઉત્સવમાં અમરેલી જિલ્લામાંથી સાંસ્કુતિક સ્પર્ધામાં પ્રથમ સ્થાન પર સુરગંગા નૃત્ય વિદ્યાલય ટીમને પુરસ્કાર રૂ.૪૦૦૦૦/–અને મોબાઈલ ફોટોગ્રાફી સ્પર્ધામાં લાઠીયા હર્ષલએ દ્વિતીય સ્થાન પ્રાપ્તને પુરસ્કાર રૂા.૭૫૦૦/– એનાયત કરવામાં આવ્યું. આ કાર્યક્રમ માં મુખ્ય અતિથિ તરીકે કેન્દ્રિય મંત્રી પરષોતમ રૂપાલા, રાજય ગૃહ મંત્રી હર્ષ સંઘવી, શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરિયા, નેહરૂ યુવા સંગઠનથી રાજય નિર્દેશક મનીષા શાહ, ઉપનિર્દેશક દુષ્યંત ભટ્ટ તથા અધિકારીગણ ઉપસ્થિત રહ્યાં હતાં. રાજય સ્તરીય વિજેતાઓને રાષ્ટ્રીય સ્તરીય પર ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવાનો અવસર પ્રાપ્ત થશે.

# ટાઈમ્સનાં ETG સર્વેમાં ભાજપને ૩૦૮થી ૩૨૮ બેઠકનું અનુમાન

# આગામી લોકસભાની ચૂંટણીમાં પુનઃ ભાજપનો જયજયકાર

**કોંગ્રેસ પક્ષ માત્ર પર થી ૭૨ જેટલી જ બેઠકો પર વિજેતા થાય તેવું અનુમાન**

**અન્ય તમામ પક્ષોને કુલ ૧૬૩ જેટલી જ બેઠકો મળે તેવી સંભાવના**

**જો ભાજપ ત્રીજી વખત લોકસભાની ચૂંટણી જીતે તો નરેન્દ્ર મોદીની હેટ્રીક નોંધાશે**

**સતત ત્રણ વખત લોકસભાની ચૂંટણીમાં વિજેતા થવાનો રેકર્ડ જવાહરલાલ નહેરૂનો હોય તેમની સમકક્ષ પહોંચી જશે નરેન્દ્ર મોદી**










નવી દિલ્હી, તા. ૧૪

મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં ભારતીય જનતા પાર્ટીની વિજયી જીત ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પણ ચાલું રહે તેવી શકયતા છે. તાજેતરનાં એક સર્વેમાં આવા સંકેતો મળ્યા છે. સર્વે દર્શાવે છે કે કોંગ્રેસ અને ખાસ કરીને નવા વિપક્ષી ગઠબંધન ભારતનું પ્રદર્શન ખાસ રહ્યું નથી.

**ભાજપ કેટલી સીટો જીતશે ?**

ટાઈમ્સનાં ઈટીજી સર્વેએ અનુમાન લગાવ્યું છે કે બીજેપીનાં નેતૃત્વમાં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ) ૩૨૩ સીટો જીતી શકે છે. સર્વેમાં સામે આવ્યું છે કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપ એકલા હાથે ૩૦૮ થી ૩૨૮ બેઠકો જીતી શકે છે. જો કે ૨૦૧૯ની સરખામણીમાં એનડીએની બેઠકોમાં પણ થોડો ઘટાડો થવાનો અંદાજ છે.

**કોંગ્રસની શું સ્થિતિ છે**

સર્વે મુજબ ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસની ટિકિટ માત્ર પર થી ૭૨ સીટો વચ્ચે જ અટકી શકે છે. આ સિવાય ભારતની ગઠબંન પાર્ટીઓ મળીને ૧૬૩ સીટો જીતી શકે છે. લગભગ ૧૮ પાર્ટીઓએ મળીને ભાજપ વિરૂધ્ધ વિપક્ષી ગઠબંધન બનાવ્યું છે. તેમાં કોંગ્રેસ, તૃણમુલ કોંગ્રેસ, લેફ્ટ પાર્ટી, જનતા દળ યુનાઈટેડ, શિવસેના (ઉધ્ધવ બાળાસાહેબ ઠાકરે), રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સહિત ઘણા મોટા પક્ષનો સમાવેશ થાય છે.

### હીરા ઉદ્યોગમાં ભયાનકપણે મંદીનો માહોલ

## હાય રે મંદી : ધારીનાં પ્રેમપરામાં રહેતા રત્નકલાકારે ઝેરી દવા પી લેતા મોત

**ફાઈવ ટ્રીલીયન ઈકોનોમીનાં માહોલની વાસ્તવિકતા**

અમરેલી, તા. ૧૪

એક બાજુ કાળઝાળ મોંઘવારી અને બીજી બાજુ જિલ્લામાં હીરા અને ખેતી સિવાય કોઈ ઉદ્યોગો ના હોય, ત્યારે હાલમાં હીરાના કામમાં મંદીનું મોજું પ્રવર્તી રહ્યું હોય, જેને લઈ આ ઉદ્યોગોમાં જોડાયેલા રત્નકલાકારો બેકાર થવા પામેલ છે. જેને લઈ મંદીના કારણે ઘરનું ગુજરાન કેમ ચલાવવું તે એક સવાલ છે ત્યારે ધારીના પ્રેમપરામાં રહેતા અને અગાઉ હીરાનું કામ કરતાં અને હાલમાં હીરા કામમાં મંદી આવી જતાં હાલમાં છુટક મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા એક ૨૨

અનુસંધાન પાના ૬ ઉપર

### ત્રીજા એડી. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ તથા પોકસો કોર્ટમાં કેસ ચાલી જતા

## અમરેલી નજીક તરૂણી ઉપર દુષ્કર્મ તથા સૃષ્ટિ વિરૂધ્ધનું કાર્ય કરનાર પિત્રાઈ ભાઈને આજીવન કેદની સજા

**રૂા. ૧.૪૫ લાખનો દંડ : સરકારી વકીલ જે. બી. રાજગોરની દલીલો સફળ રહી**

અમરેલી તા. ૧૪

અમરેલી શહેરના છેવાડાના વિસ્તારમાં રહેતી એક તરૂણીને તેના જ કૌટુંબિક ભાઈએ અઢી વર્ષ પહેલાં રાત્રીના સમયે લગ્ન કરવાની લાલચ બતાવી સારા સારા સ્વપ્ના બતાવી તરૂણીને પ્રેમજામાં ફસાવી પોતાને જાતીય સુખ મેળવવા અને તેણી સાથે બદકામ કરવાના ઈરાદે તરૂણીના માતા– પિતામાંના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ અને તરૂણી પોતાની કૌટુંબિક બહેન થતી હોવાનું જાણવા છતાં પણ આરોપીએ

અનુસંધાન પાના ૬ ઉપર

### પશુપાલક ભીખાભાઈ આલે ફરિયાદ નોંધાઈ

## ખાંભાનાં ઈંગોરાળા ગામે બોલેરો પીકઅપ હડફેટે ૨ ભેંસનાં મોત થયા

**અન્ય બે ભેંસને ગંભીર ઈજા પહોંચી**



અમરેલી, તા. ૧૪

ખાંભા તાલુકાના ઈંગોરાળા ગામે રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતાં ભીખાભાઈ અમરાભાઈ આલ નામના ૫૫ વર્ષિય પશુપાલકની માલિકીની ભેંસોને ગત તા.૧૩ના રાત્રીના ૯ વાગ્યે ઈંગોરાળા ગામેં ધનજીભાઈ મનજીભાઈ તંતીની વાડી પાસે એક બોલેરો પીક અપ વાહન નં.જીજે–૧૪–ઝેડ–૨૯૨૦ વાળાના ચાલકે પોતાના હવાલા વાળો બોલેરો પીકઅપ પુરઝડપે અને બેફીકરાઈ ગફલત ભરી રીતે ચલાવી પશુપાલકની ભેસોને અડફેટે લઈ આશરે એક ભેંસની કિંમત રૂપિયા ૫૫,૦૦૦ એમ કુલ–૨ ભેસોને સ્થળ ઉપર મોત નિપજાવી અને એક ભેંસ–૧ રૂપિયા ૨૫,૦૦૦ તથા એક ભેંસ રૂપિયા ૧૦,૦૦૦ એક થઈને ગંભીર ઈજાઓ કરી કુલ રૂપિયા૧,૪૫,૦૦૦ નો નુકસાન કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)